સુવિચાર

માણસ એટલે જિંદગીની વિદ્યાપીઠનો કાયમી વિદ્યાર્થી !

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૪/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
નેચરલ સંતરામાંથી બનાવેલ
સંતરા શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૧૦૦



પથરી પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે

નિઃશુલ્ક નિદાન કેમ્પ
તારીખ : ૧૦-૦૪-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.

▪ કીડની ▪ પ્રોસ્ટેટ ▪ પથરી
Prostate Cancer

નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦


## રાજુલાનાં રામપરા ગામ નજીક ટોરેન્ટ, સિન્ટેક્ષ જેવી કંપનીથી થોડે દૂર

# ઔદ્યોગિક એકમોની બાજુની પડતર જમીનમાં આગથી અફડાતફડી

સ્થાનિક કંપનીઓ બાદ પાલિકાની ફાયર ટીમે કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો

પડતર જમીનમાં બાવળની મહાકાય ઝાડીઓ હોવાથી આગ જોતજોતામાં બેકાબુ બની

સિંહો સહિતનાં વન્ય પ્રાણીઓનો વસવાટ હોવાથી સૌ કોઈ ચિંતિત બન્યા

સદ્નસીબે કોઈ જાનહાની ન થતાં વન સહિતનાં સરકારી વિભાગોએ રાહતનો શ્વાસ લીધો




તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૮


રાજુલા તાલુકાના રામપરા ગામ નજીક ટોરેન્ટ વિસ્તાર આવેલ છે. અહીં પડતર જમીન હોવાને કારણે અહીં મહાકાય બાવળની ઝાડીઓ છે અને સિંહો સહિત વન્યપ્રાણીઓ વસવાટ કરે છે. તે જ વિસ્તારમાં આગ લાગતા અફડાતફડી સર્જાય રહી હતી. પીપાવાવ પોર્ટ, સીન્ટેક્ષ સહિત આસપાસના ઉદ્યોગ કંપનીના ફાયર ફાયટરની અલગ અલગ ટીમો ઘટના સ્થળે પહોંચી આગ પર કાબૂ લેવા માટેના પ્રયાસ હાથ ધર્યા હતા. જોકે આગ બેકાબુ હોવાથી આગ કંટ્રોલ ન થતાં વધુ ફાયરનો મારો શરૂ રાખ્યો હતો. વન્યપ્રાણીનો વિસ્તાર હોવાથી સ્થાનિક આઈએફએસ ફાતેહસિંહ મીણા સહિત અધિકારીઓ, વનવિભાગના ફોરેસ્ટ ગાર્ડ, ટ્રેકસ સહિત કર્મચારીઓ દ્વારા આગ પર કાબુ લેવા માટે અને વન્યપ્રાણીને કોઈ નુકસાન ન થાય તે માટેની તકેદારી


અનુસંધાન પાના ૬ ઉપર


## ભાજપનાં મહામંત્રીની ઉપસ્થિતિમાં મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

# બાબરાનાં તાઈવદર ગામનાં નાગરિકો છેલ્લા ૧૫ વર્ષથી બિસ્માર માર્ગોથી કંટાળીને રોષે ભરાયા

સત્તા પક્ષનાં આગેવાનો પણ માત્ર વિકાસની વાતો કરતાં હોય તેવું લાગે છે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરા તાલુકાના તાઈવદર ગામના લોકો રોડની સુવિધાને લઈ છેલ્લા ૧૫ વરસથી લડાઈ લડી રહ્યા છે. સતત માંગ કરી રહ્યા છે પણ સ્થાનિક ધારાસભ્ય સહિતના અગ્રણીઓ ગામમાં મહત્વપૂર્ણ સમસ્યા સામે ગંભીરતા નહિ દાખવતા આજે મોટી સંખ્યામાં ગામના સરપંચની આગેવાની હેઠળ ગામના લોકો મામલતદાર કચેરીમાં દોડી આવ્યા અને અને ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો. સમસ્યાની જાણ થતાં જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા મામલતદાર કચેરી ખાતે દોડી આવ્યા હતા અને ગામના લોકોના પ્રશ્ન સાંભળી સ્થળ પર ધારાસભ્ય, સાંસદ અને માર્ગ મકાન વિભાગના અધિકારીઓને ટેલિફોન દ્વારા રજુઆત કરતા ગામના લોકો શાંત પડયા હતા.

તાઈવદર ગામના લોકોએ તેમ છતાં જિલ્લા ભાજપનાં મહામંત્રી ને મધ્યસ્થી રાખી તેમના નેતૃત્વમાં રોડ રસ્તાની સમસ્યા હલ કરવા માટે મામલતદારને આવેદનપત્ર આપી ઉગ્ર રોષ સાથે રજુઆત કરી હતી. જિલ્લા ભાજપના મહામંત્રીએ જણાવ્યું હતું કે ગામના લોકોની વાત એકદમ સાચી છે તાઈવદર ગામનો રોડ ખૂબ જ ખરાબ


અનુસંધાન પાના ૬ ઉપર


## ભાજપનાં પાયાનાં પથ્થર સમાન અગ્રણીએ વિદાય લીધી

# અમરેલી ચેમ્બર ઓફ કોમર્સનાં પૂર્વ પ્રમુખ અને પૂર્વ નગરસેવક જીતુભાઈ મસરાણીનું નિધન થયું

સદ્ગતની આજે સવારે ૮ કલાકે અંતિમયાત્રા યોજાશે



અમરેલી, તા. ૮

લાંબી આયુષ્ય કરતા લાંબી સમાજ સેવા સૌના હદયમાં સહજ વસી જાય છે. આયુષ્ય ઈશ્વરની અમાનત છે તેમ સેવાની સુવાસ વ્યકિતની અમાનત બની જાય છે. સમાજ સેવા માટે જાણીતા એવા જનસંઘી–ભાજપ અગ્રણી, લોહાણા સમાજના મોભી અને પરમવૈષ્ણવ જીતુભાઈ મસરાણીનું અમરેલી મુકામે આજરોજ અવસાન થયુ છે. સદગતની સ્મશાન યાત્રા તા. ૯/૪/૨૦૨૫, બુધવારના રોજ સવારે ૮:૦૦ કલાકે તેમના નિવાસ્થાન ગીરીરાજ નગર શેરી નં.–૧, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી ખાતેથી નિકળશે તેમ પરિવારની યાદીમા જણાવાયેલ છે.

## ભાર રીક્ષા નં. જી.જે.–૧૨ એક્સ–૫૪૩૩નાં ચાલકની બેદરકારી

# રાજુલાનાં હિંડોરણા ગામે રીક્ષા ચાલકે હડફેટે લેતા બાઈક સવારનું મોત નિપજયુ

હિંડોરણા ગામનાં દીપકભાઈ પરમારનું મોત થયું

અમરેલી, તા. ૮, રાજુલા તાલુકાના હિંડોરણા ગામે રહેતા દિપકભાઈ કરશનભાઈ પરમાર ગત તા. ૬ના રોજ સાંજના આશરે સાડા આઠેક વાગ્યાના અરસામા પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જી.જે.–૧૪ એએચ–૦૪૭૦ લઈ રાજુલાના હિંડોરણા ગામમાં તેમના ઘરે જતા હતા. તે દરમ્યાન હિંડોરણા ગામે ભરતભાઈ બોરીચાના ડેલાની સામે રોડ પર એક ભાર રીક્ષા નં. જી.જે.–૧૨ એકસ–૫૪૩૩ના ચાલક પોતાની ભાર રીક્ષા બેફીકરાઈથી ચલાવી ફરિ.ના ભાઈની સાથે રીક્ષા ભટકાવી ફરિ.ના ભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી દિપકભાઈ કરશનભાઈ પરમારનું મોત નિપજાવી અને રીક્ષા ચાલક રીક્ષા સ્થળ ઉપર મુકી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


જાહેર હરરાજી

આંબરડી (તા.સા.કુંડલા) ગામે માલાણી પરિવારના કુળદેવી શ્રી ખોડીયાર માતાજીનો મઢ આવેલ છે.
જેમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર સ્લેબવાળો
(૧) 30 × ૨૫ હોલ
(૨) ૧૫ × ૧૦ રૂમ
(3) ૧૦ × ૧૦ રૂમ
ઉપરોકત હોલ તથા બે રૂમને તોડીપાડી આજુબાજુ ની મિલ્કતને નુકશાન ન થાય તે રીતે તેમાથી નીકળતું લોખંડ, બારી,દરવાજા તથા સંપુર્ણ મલબો ઉપાડી ગ્રાઉન્ડ કલીયર કરી આપવાનું રહેશે.
તો આ જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વ્યકિતઓએ તા.૧૫/૦૪/૨૦૨૫ ને મંગળવારનાં રોજ બપોરનાં ૪:૦૦ કલાકે નીચેનાં સ્થળે રૂબરૂ ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે.
નોંધ : હરરાજીમાં ભાગ લેનારે રૂા.૫,૦૦૦/- (પાંચ હજાર પુરા) ડીપોઝીટ ભરવાની રહેશે.
સ્થળ : માલાણી પરિવારની વાડી મુ.આંબરડી, તા.સા.કુંડલા, જિ. અમરેલી.
લી. માલાણી પરિવાર વતી બાબુભાઈ ગોવિંદભાઈ માલાણી મો.૯૪૨૯૨ ૩૯૫૧૪



શ્રી હનુમાનજી પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ખાસ ડિસ્કાઉન્ટ ઓફર

શ્રીરામ ભક્ત હનુમાનજીના પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે આપના શહેર, વિસ્તાર કે નજીકના મંદિરોમાં આયોજીત ભોજન પ્રસાદ પ્રસંગ માટે શીતલ આઈસ્ક્રીમ અમરેલી દ્વારા નીચે દર્શાવેલ પ્રોડક્ટસ પર ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરી છે, તો આ ઓફર નો લાભ અવશ્ય લેશો.



• 6 Ltr. છાશ • દહીં
• શિખંડ • કેરીનો રસ
• બાસુંદી • ફ્રુટ સલાડ

નોંધ : આ ઓફર માત્ર હનુમાનજીના જન્મોત્સવ પ્રસંગ માટે મર્યાદિત છે

Sheetal ICE CREAM
શીતલ પાર્લર - રેસ્ટોરન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. મો. 95109 59954

## હિન્દુ ધર્મમાં જેને માતાનું સ્થાન મળી રહ્યું છે તેના ન્યાય માટે

# ગૌચર જમીનોને બચાવવા કાયદો બનાવવો જરૂરી

**ગૌમાતાની ગૌચરણની જમીન ઉપર આખલાઓએ કબ્જો કરી લીધાનો આક્ષેપ**

**સત્તા પક્ષનાં અનેક આગેવાનોએ પણ ગૌચરણમાં દબાણ કરી લીધાનો આક્ષેપ**

**હિન્દુ ધર્મ અને ગૌમાતા સત્તાપક્ષને માત્ર સત્તા મેળવવાનું સાધન છે**

**તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ ગૌમાતાનાં હિતમાં અવાજ બુલંદ કર્યો**

અમરેલી, તા. ૮

ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન છે અને આ ભાજપનાં રાજમાં ગુજરાતનાં દરેક ગામડાઓમાં ગાય માતાઓ માટેના ગૌચરો રહ્યા નથી, વળી આ ગૌચરની જમીનો ખુદ ભાજપના જ આખલાઓ ખાઈ ગયા છે. ગુજરાતમાં અને કેન્દ્રમાં ભાજપની સરકાર એક બાજુ હિન્દુત્વની વાતો કરે છે અને બીજી બાજુ હિન્દુ ધર્મના આસ્થાનું પ્રતિક અને પૂજનીય ગાય માતાના ચરામણ માટેના ગૌચરની જમીનો ગામડે–ગામડે ભાજપના કાર્યકરો, આગેવાનો અને નેતાઓએ પચાવી પાડી છે, જો ખરેખર ભાજપની સરકાર હિન્દુ ધર્મને માનતી હોય અને ગાયને માતા માનતી હોય તો ગૌચરની જમીનના દબાણો તાત્કાલિક દૂર કરવા જોઈએ, ખરેખર તો ગુજરાતની ભાજપ સરકાર અને કેન્દ્રની ભાજપ સરકાર માત્રને માત્ર હિન્દુત્વના નામ ઉપર અને ગાય માતાના નામ ઉપર ચૂંટણીઓમાં મત મેળવીને હિન્દુ ધર્મનાં લોકોને મુર્ખ બનાવવાનું કામ કરી રહ્યા છે. વાસ્તવમાં હિન્દુ ધર્મ સાથે અને ગાય માતા સાથે ભાજપ પક્ષને સાત પેઢી સુધી કાંઈ લેવા દેવા નથી, માત્રને માત્ર ચૂંટણી લડવા, જીતવા અને સત્તા મેળવવા માટે હિન્દુ ધર્મનો અને ગાય માતાનો ઉપયોગ ભાજપ પક્ષ અને તેના નેતાઓ કરી રહ્યા છે. જો ખરેખર ગુજરાત અને કેન્દ્રની ભાજપની સરકાર હિન્દુત્વવાદી હોય તો ગૌચરના દબાણ દૂર કરવા માટે તથા ગાયને માતાનો દરજ્જો આપવા માટેના બિલ ગુજરાતની સરકાર વિધાનસભામાં અને કેન્દ્રની સરકાર લોકસભામાં પસાર કરીને બતાવે તેવો પડતકાર અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ ફેંકયો છે.

## સાસંદ ભરતભાઈ સુતરીયાનાં વરદ્‌હસ્તે

# અમરેલીનાં લાલાવદરથી ચકકરગઢ ગામ સુધી માર્ગ બનાવવાનું શરૂ કરાયુ

**સમગ્ર વિસ્તારનાં નાગરિકો માટે સુવિધા ઉભી થઈ**



અમરેલી, તા. ૮

અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે આજે અમરેલી તાલુકાના લાલાવદર ગામથી ચક્કરગઢ ગામ સુધીના નોન પ્લાન પેવર ડામર રોડ બનાવવા માટેના કામનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ નવા માર્ગના નિર્માણથી સમગ્ર વિસ્તારમાં પરિવહન વધુ સરળ બનશે અને વિકાસને વધુ વેગ મળશે.

આ પ્રસંગે સાંસદે જણાવ્યું હતું કે, અલ્પ ભવિષ્યમાં આ રસ્તો માત્ર વિસ્તારના ગ્રામજનો માટે જ નહીં, પરંતુ આસપાસના તમામ વિસ્તારો માટે પણ મહત્વપૂર્ણ લિંક તરીકે કાર્ય કરશે. આ માર્ગ ખેડૂતો, વિદ્યાર્થીઓ અને રોજગારી માટે મુસાફરી કરતા લોકો માટે વધુ સરળ, ઝડપી અને સુવિધાયુકત યાત્રાને સુનિશ્ચિત કરશે.

આ શુભારંભ પ્રસંગે નવ નિયુકત તાલુકા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણી, અમરેલી તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન નિકુલ માંડણકા તેમજ સામાજિક આગેવાન દિલીપભાઈ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા. આ રોડ બનાવવાનો પ્રારંભ થતા ગામના લોકોએ ખુશી વ્યકત કરી હતી.

## ડેન્ગ્યુથી લઈને બ્લડ કેન્સર જેવા રોગને આપી રહી છે ટક્કર

# વડિયાની નિયતી પરમાર નામની તરૂણી ૩–૩ વખત મોતને માત આપીને પુનઃ અડિખમ

**નાયબ દંડક કૌશિક વેકરિયા સહિતની ટીમ ખબરઅંતર પુછવા પહોંચી**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૮

વડિયામાં રહેતા પત્રકાર તરીકે પ્રિન્ટ અને પ્રાદેશિક ચેનલોમાં કામ કરતા પરેશભાઈ પરમારની પુત્રી નિયતિ જેમની ૧૧ વર્ષની ઉંમરે ડેન્ગ્યુ થયો હતો અને એ ડેન્ગ્યુ તાવની સારવાર કરવા છતાં છ મહિના સુધી રિકવરી ન મળી. એમના અનેક રિપોર્ટ બાદ બીમારી પકડાઈ નહોતી રહી. અંતે અમદાવાદ સુધી દોટ લગાવવી પડી ને ત્યાં સિવિલ હોસ્પિટલમાં અનેક રિપોર્ટ કરાવ્યા બાદ બોનમેરોમા બ્લડ કેન્સર ડિટેકટ થયું અને એમની ટ્રીટમેન્ટ શરૂ કરી. એ ટ્રીટમેન્ટમાં અઢી વર્ષનો કોર્ષ હતો એ કોર્ષ પૂર્ણ કરીને નિયતીબેન કમ્પ્લીટ થઈ ગયા અને દવાઓ પણ બંધ થઈ ગઈ અને દર મહિને અમદાવાદ સિવિલ હોસ્પિટલ બતાવવા અને રિપોર્ટ કરવા જવાનું રૂટિંગ હતું. એકથી દોઢ વર્ષ વગર દવાએ કમ્પ્લીટ રહ્યાં ને અચાનક કોરોના મહામારીની બીજી લહેર આવી ને તેમાં તબિયત લથડી ને અમદાવાદ કોરોના પોઝીટીવ આવ્યો અને એમાં એ કોરોના સામે લડીને કોરોનાને માત આપીને ત્રીજા દિવસે બહાર નીકળી ગઈ અને થોડા સમય બાદ ફરી બીજી વખત બ્લડ કેન્સરએ ઉથલો માર્યો અને ફરી બીજી વખત અઢી વર્ષની ટ્રીટમેન્ટ પૂર્ણ કરીને બહાર નીકળી ગઈ અને એમ ત્રણ ત્રણ વખત જિંદગી અને મોતની પરીક્ષાઓમાં મોતને માત આપીને અડીખમ લડનાર એ દીકરીએ આજે ફરી જિંદગીની મોતની લડાઈ લડી રહેલ દીકરીને વડિયા–કુંકાવાવ વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા એમના ખબર અંતર પૂછવા પહોંચ્યા હતા અને દીકરીને હિંમત અને આાસન આપ્યું હતું અને ધારાસભ્યને પણ નિયતિબેન એ કહ્યું કે વડાપ્રધાન મોદી ની જીતનું મુખ્ય કારણ માત્ર સિવિલ હોસ્પિટલોમાં ગંભીર બીમારીઓથી પીડાતા દર્દીઓની દુવાઓ કામ આપે છે. જયારે કોઈ મોટી ગંભીર બીમારી પરિવારમાં આવે ત્યારે ખરા સમયે સાથ આપે એને જ સાચો ઈર માની શકાય. ત્યારે એવું જ મોદી કામ કરી રહયા છે. ખરા સમયે મા કાર્ડ જેવી અનેક સરકારની યોજનાઓથી દર્દીઓ સાથે સાથે એમના પરિજનો પણ દુવાઓ માંગે છે. આ કાર્ડ ન હોત તો શું થાત? જેવા અનેક સવાલો ઉદભવતા હોય છે. અંતમાં નિયતીબેને જણાવ્યું કે અમારા વડાપ્રધાન મોદી છે તો આવી નાની મોટી બીમારી મારૂં કઈ બગાડી નહી શકે. આ તકે વડિયા તાલુકા ભાજપ પ્રમુખ સહિતની ટીમ હાજર રહી હતી.

## ભ્રષ્ટાચાર નામની બલ્લાને દુર કરવામાં શાસકો નિષ્ફળ

# સાવરકુંડલા પાલિકા દ્વારા બનાવાતા પાણીનાં ટાંકામાં ભ્રષ્ટાચારના અહેવાલો બાદ તંત્ર જાગ્યું

**બાંધકામ એજન્સીને નોટિસ પાઠવવામાં આવતાં તપાસ થવાની સંભાવનાં**

સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા નગરપાલિકા હસ્તક માર્કેટિંગયાર્ડમાં વી.સી. કન્ટ્રકશન દ્વારા પાણીનો ટાંકો બની રહ્યો છે તેમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હોવાના અહેવાલો મીડિયામાં પ્રકાશિત થતાં તંત્ર. ઘોર તંદ્રામાંથી જાગતાં હવે તંત્ર દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. આ કામગીરી નબળી ચાલી રહી હતી ત્યારે એન્જિનિયરથી લઈ ચીફ ઓફિસર તેમજ જવાબદાર પદાધિકારીઓને જાગૃત નાગરિકો દ્વારા અવાર નવાર રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ સાવરકુંડલા નગરપાલિકાના જવાબદાર લોકોએ આ સંદર્ભે ગંભીરતા પૂર્વક કોઈ તપાસ કે કોઈ કાર્યવાહી નહીં કરતાં પરંતુ મીડિયાએ આ વાતને વેગ આપતાં અંતે તંત્રએ હરકતમાં આવી નોટિસ પાઠવી. સરકારમાંથી કરોડો રૂપિયા લોકોની સુખાકારીના કામો કરવા માટે આવતા હોય ત્યારે કેટલા રૂપિયા લોકો માટે વપરાય રહ્યા છે? અને કેટલો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે? તેની જાણ જવાબદાર અધિકારીઓ અને જનતાના મતથી જનતા માટે કામ કરવા ચૂંટાયેલા લોકોને શું જાણ નહીં હોય ? કે પછી? ? એવા અણિયાળા સવાલો લોકોમાં ઉદભવી રહ્યા છે. વી.સી કન્ટ્રકશનને નોટિસ આપ્યા બાદ હવે જોવાનું રહ્યું કે સાવરકુંડલામાં કામ કરતી અન્ય કંપનીઓ દ્વારા થતી નબળી કામગીરીના આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે આ કંપનીઓને નગરપાલિકાના જવાબદાર અધિકારી નોટિસો આપશે કે? પછી જે કંપનીનો ભ્રષ્ટાચાર લોકોને ખબર પડી જાય તેમને નોટિસો આપી અને નોટિસ આપ્યાનો સંતોષ વ્યક્ત કરવામાં આવશે? નગરપાલિકા દ્વારા કરવામાં આવતી કામગીરી સારી અને સંતોષકારક અને નિયમબધ્ધ કરાવવા માટે નગરપાલિક એન્જીયરને સ્થળ પર ઉપસ્થિત રહીને સારી કામગીરી કરવાની હોય છે તો એટલું કામ નબળું થઈ ગયું હોવા છતાં એન્જીનીયરને જાણ પણ ન હતી? કે પછી?? સાવરકુંડલા ગોંદરા વિસ્તારમાં નળ સૌ જળ યોજનામાં બની રહેલ પાણીના ટાંકો પૂરો બની ગયા બાદ પાણી ભરવામાં આવ્યું ત્યારે આ ટાંકો લીકેજ થયો અને ઉપર આર.સી.સી પણ ફાટી ગયેલું જોવા મળ્યું તેની કામગીરી નબળી છે તેની પણ રજૂઆતો તંત્ર સુધી પહોંચી હતી, પરંતુ કાર્યવાહી કરવાને બદલે પાલિકાએ કરોડો રૂપિયાના બિલો ચૂકવી આપ્યા? આ ટાંકામાં જયારે પાણી ભરવામાં આવ્યું ત્યારે લીકેજ થયું અને ત્યાર બાદ લોકોની વચ્ચે દૂધનું દૂધ અને પાણીનું પાણી થયું આ ખામી છુપાવવા છેલ્લા ત્રણ મહિનાથી મહેનત ચાલી રહી છે રાત્રીના સમયે પાણી ભરી વારંવાર જોવામાં આવી રહ્યું છે..!!! એવું ચર્ચાય રહ્યું છે.. શું આ રીતે ટાંકાની મજબૂતાઈનું પરીક્ષણ થતું હશે? એવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. કે પછી પાણી ટાંકામાં લિકેજ બંધ થાય એવા પ્રયાસો થઈ રહ્યા હશે? આમ રાતના ટાંકા ભરવા દ્વારા શું છુપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે? જવાબદાર અધિકારીઓ આ બાબતથી વાકેફ હશે? એવી ચર્ચાએ પણ શહેરમાં જોર પકડયું છે

આ વ્રજ કંપનીને આજ દિન સુધી નોટિસ કે પછી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી આવનારા સમયમાં નગરપાલિકા નોટિસ આપીને ગૌરવ લેશે કે પછી કાર્યવાહી કરશે.? આગળ શું થાય છે એ તો સમય જ કહેશે..પરંતુ સમય દરેક સમયે એક સરખો નથી હોતો એ પણ સનાતન સત્ય છે.

## ચાંદગઢ ખાતે રામનવમીની આસ્થાભેર ઉજવણી

અમરેલી, તા. ૮

અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે ભગવાન શ્રી રામચંદ્રની જન્મજયંતિ શ્રી રામનવમીની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. બપોરે ૧૨:૦૦ કલાકે આરતી રામજન્મ પ્રસાદ (પંજરી)ની વહેચણી કરવામાં આવેલ.

## ખડાધાર નજીક ''બાપાના ડુંગરા'' વિસ્તારમાં આગથી ૪ લાખનું નુકસાન

અમરેલી, તા. ૮

ખાંભા ગામે આવેલ આશ્રમપરા વિસ્તારમાં રહેતા રૂચીતભાઈ સુરેશભાઈ મહેતા નામના ૪૦ વર્ષિય વેપારી ખડાધાર ગામ નજીક આવેલ બાપાના ડુંગરા તરીકે ઓળખાતી જમીનમાં દેખરેખ રાખતા હોય. તે જમીન સર્વે નંબર ૭૮/૪ પૈકી ૧ માં જી.ઈ.બી.નું ટી.સી. આવેલ હોય તે ટી.સી.માં તીખારા થતાં ગત તા. ૩૧/૩ના બપોરના આશરે પોણા ત્રણેક વાગ્યે ખેતરમાં આગ લાગવાથી આંબા તથા લીબુંના છોડ આશરે નંગ ૨૦૦ બળી જતાં આશરે અઢી લાખ તથા ફીનોલેકસ કંપનીની ટપક બળી જતાં રૂપિયા ૧,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૪,૦૦,૦૦૦નું નુકસાન થયાંનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# બગસરા ખાતે રામનવમીની ભવ્યાતીભવ્ય ઉજવણી કરાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા શહેરના વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા શ્રી રામ જન્મોત્સવ નિમિતે શ્રીરામચંદ્ર ભગવાનની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરેલ છે. જેમાં શહેરના તમામ સનાતની હિન્દુ સમાજના સાથ સહકારથી શહેરને શણગારવામાં આવ્યુ હતું. તેમજ શોભાયાત્રામાં સુંદર આકર્ષક સુશોભિત ૧૫ જેટલાં ટ્રેકટર ફલાટ કરવામાં આવ્યા હતા, જેમાં ખાશ આકર્ષણ ભગવાન રામની ભવ્ય પ્રતિમા જે આશરે ૧૦ ફૂટ ઉંચી અને ભવ્ય બનાવવામાં આવી હતી, જેમાં ભગવાન શ્રી રામચંદ્ર તેમજ માતા જાનકી અને રામદરબાર સહીત વેસભૂષા કરવામાં આવી હતી. હુડકો વિસ્તારમાં રામેર ગ્રુપ દ્વારા પણ રામ લક્ષ્મણ જાનકી હનુમાનજી શબરીનું સુંદર પાત્ર ભજીયુ જેમાં ડીજેના તાલે લોકો રામ મય બની ગયા હતા તેમજ આ શોભાયાત્રામાં આશરે ૫ થી ૭ હજાર જેટલાં માનવ મેદાની ઉમટી પડી હતી, આ સાથે શહેરના માર્ગો શ્રીરામના નારાથી ગુંજી ઉઠયું હતું, અને શહેરના રસ્તાઓ ભગવા રંગે રંગાયા હતા જયારે લોકો દ્વારા આ શોભાયાત્રાને સ્વાગત કરવા પોતાના ઘરોમાંથી પુષ્પ વર્ષા પણ કરવામાં આવી હતી તેમજ આ શોભયાત્રામાં પોલિસ દ્વારા ચાપતો બંદોબસ્ત મુકવામાં આવ્યો હતો જેમાં એ.એસ.પી, પી.આઈ, કોસ્ટેબલ તેમજ જીરાડી સહીત ૬૦ જેટલાં પોલીસ બંદોબસ્ત સાથે શોભાયાત્રા નીકળેલી હતી. આ શોભાયાત્રા દરમિયાન સામાજિક સંસ્થાઓ દ્વારા પાણી તથા શરબતની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી, શ્રી રામચંદ્ર ભગવાનની મહાઆરતી તેમજ હનુમાન ચાલીસાના સમુહપાઠનુ પણ આયોજન કરેલ હતું. આ શોભાયાત્રા આસોપાલવ સોસાયટીના રામેર મહાદેવના મંદીરેથી બપોરના ધોમધકતા તાપમાં ૨:૩૦ થી પ્રસ્થાન કરેલ હતી, તિરૂપતિ સોસાયટીમાંથી કુકાવવા નાકા રોડ થઈ આપાગીગાના મંદીર પાસેથી વિજય ચોકથી હોસ્પીટલ રોડ પરથી સરદાર ચોક થઈ પટેલવાડી ચોકમાં ગયેલી હતી, ત્યા શ્રી રામચંદ્ર ભગવાનની મહાઆરતી કરી સમૂહમા હનુમાન ચાલીસાના પાઠ કરી શોભાયાત્રાની પૂર્ણાહુતિ કરવામાં આવેલી હતી.

### પોલીસ હેડ કોન્સ્ટેબલ અને એએસઆઈ તરીકે બઢતી

# અમરેલી જિલ્લાનાં ૪૦ પોલીસ કર્મીઓને પ્રમોશન આપતાં એસપી સંજય ખરાત

### બઢતી પામેલ પોલીસકર્મીઓમાં ખુશીનો માહોલ

અમરેલી, તા. ૮

અમરેલી જીલ્લા પોલીસ દળમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ તેમજ એ.એસ.આઈ. સંવર્ગમાં નવી મંજુર થયેલ જગ્યાઓ તેમજ બઢતી તથા વયનિવૃતીથી કુલ-૪૦ જેટલી વિવિધ સંવર્ગની જગ્યાઓ ખાલી પડેલ હતી. જે ખાલી પડેલ જગ્યાઓ પર પોલીસ હેડ કોન્સ્ટેબલ તેમજ એ.એસ.આઈ. સંવર્ગમાં અમરેલી જીલ્લા પોલીસ દળના કુલ-૪૦ પોલીસ કર્મચારીઓને એપ્રીલ-૨૫માં બઢતીના આદેશ કરવામાં આવેલ હતા. પોલીસ અધિક્ષક અમરેલી દ્વારા સમય



મર્યાદામાં બઢતી અંગેના આદેશ કરવામાં આવતા અને નવી બઢતીથી અમરેલી જીલ્લા પોલીસ દળમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળેલ તેમજ પોલીસ કર્મચારીઓના મનોબળમાં વિશેષ વધારો થયો છે.

### ૨ વ્યકિતએ આત્મહત્યા કરી અને ૨ વ્યકિતનાં અકસ્માતમાં મોત

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૪ વ્યકિતઓનાં અપમૃત્યુની ઘટના બની

### જિલ્લામાં અપમૃત્યુનાં બનાવોમાં સતત વધારો

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ચાર જેટલાં અપમૃત્યુના બનાવ પોલીસમાં જાહેર થતાં જે તે સ્થાનિક પોલીસ દ્વારા બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામે રહેતી રસીલાબેન દિલીપભાઈ ભીમાણી નામની ૪૧ વર્ષિય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગત તા. ૬ના સવારના આશરે સાડા નવેક વાગ્યે હરસુરપર ગામે પોતાના રહેણાંક મકાને ઘઉંમાં નાખવાના ટીકડા પી જતા તેણીનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે બીજા બનાવમાં કુંકાવાવ તાલુકાના અનીડા ગામે રહેતા લખમણભાઈ અંબાવીભાઈ ભુત નામના ૭૨ વર્ષિય વૃધ્ધ ગત તા. ૭નાં સવારના સવા પાંચેક વાગ્યા દરમ્યાન પીઠડીયા ગામના સ્મશાન પાસે આવેલ પુલ પાસેથી મોટર સાયકલ લઈને જતા હોય. ત્યારે તે એક ખુંટીયા સાથે મોટર સાયકલ ભટકાઈ જતા વૃધ્ધને માથાનાં ભાગે ગંભીર ઈજા થતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

ત્રીજા બનાવમાં સાવરકુંડલા ગામે આવેલ ખાદી કાર્યાલય પાછળ વણકરવાસમાં રહેતા અરવિંદભાઈ અમરાભાઈ પરમાર નામના ૩૯ વર્ષિય યુવકની છેલ્લા ચારેક દિવસથી માનસીક સ્થિતિ સારી ન હોય. ગત તા. ૬ના આશરે સાંજે ૫ઃ૩૦ વાગ્યે સાવરકુંડલા-બાઢડા રેલ્વે ટ્રેક પન્નાલાલના ગેરેજ પાસે કોઈપણ રીતે ટ્રેનની હડફેટે આવી જતા શરીરે ગંભીર ઈજા થતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

જયારે ચોથા બનાવમાં બાબરા તાલુકાના વાવડી ગામે રહેતા જયાબેન જીતુભાઈ સાડમીયા નામની ૪૦ વર્ષિય મહિલાને કોઈ બાબતે મનમા લાગી આવતા ગત તા. ૧ના રાત્રીના આશરે નવેક વાગ્યે ધરાઈ ગામે કોઈ ઝેરી દવા પી જતા તેણીનું ગત તા. ૬ના રાત્રીના આશરે સાડા અગિયારેક વાગ્યે સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ખાનગીકરણની લ્હાયમાં વેપારીઓથી લઈને નાગરિકો પણ પરેશાન

# ચલાલામાં તોલમાપ એજન્સી વેપારીઓનાં વજનકાંટા અને મણીકા છાપવામાં તગડી ફી વસુલતી હોવાનો આક્ષેપ

### સ્થાનિક વેપારીઓએ ડીસ્ટ્રિકટ ચેમ્બરમાં રજુઆત કરી મદદ માંગી

ચલાલા, તા, ૮

ચલાલામા તોલમાપ એજન્સી દ્વારા વેપારીઓના વેપાર ધંધા માટે ના કાટા અને મણીકા છાપવા મા ભારે કનડગત કરાતી હોવાની વેપારીઓમા થી ફરિયાદ ઉઠી છે. એજન્સી સામે વેપારીઓએ ડિસ્ટ્રિક્ટ ચેમ્બરમા રજૂઆતો કરી કનડગત બંધ કરવા યોગ્ય કરવા જણાવેલ છે.

ચલાલા વેપારી સૂત્રોમાથી જાણવા મળેલ વિગત મુજબ અહી સમગ્ર વેપારી આલમ ના કાટાં અને મણીકા વજન છપાવવા મા રાજેશ્વર સ્કેલ એજન્સી દ્વારા વેપારીઓને ભારે કનડગત સાથે ગેરરીતિ અને ગેરવર્તન કરાતુ હોવાની ચલાલા વેપારી સમાજ માથી



ભારે ફરિયાદ ઉઠવા પામેલ છે. વેપારી સુત્રો એ જણાવેલ કે આ એજન્સી દ્વારા સરકાર ના ધારા ધોરણ મુજબ જે ફી નક્કી કરવામા આવેલ છે.

તેના કરતા વધારે ફી ઉઘરાવવા મા આવે છે ફી લઈ ગયા બાદ કેમ્પમા તમારો કાટો અને મણકા લઈ આવજો પણ કેમ્પ થતા જ નથી. ઈલેકિટ્રક કાંટા રીપેરમા પણ નીયમ વિરૂધ્ધ નબળી કક્ષાની કોયલ અને બેટરી ફીટ કરી તગડી ફી લેવામા આવે છે. મણીકા વજન અને કાટા લઈ ગયા વગર તમારા કાટા અને મણીકા છપાય ગયા છે તેવુ કહેવામા આવેશે. શર્ટીફેકટો પણ અપાતા નથી.

અહી કાંટા મણીકા છપાવવાની કામગીરી નીયમ મુજબ થાય છે કે નહી તેની ચકાસણી કરવા કોઈજ દિવસ તોલમાપ અધીકારી પણ વિઝીટ કરવા ડોકાયા નથી..એટલે એજન્સી ધારક પોતાને મન ફાવે તેવી મણઘડત કાર્યવાહી કરી વેપારીઓને કણડગત કરી રહ્યા છે.વેપારીઓમા થી જાણવા મળેલ મુજબ આ એજન્સી ના પ્રોપાઈટર ચંદુભાઈ માઢક સાંજના સમયે કેફી પદાર્થ પીવાની ટેવવાળા હોવાથી સાંજના સમયે વેપારી ના ફોન ઉપાડતા નથી અને જો ફોન ઉપાડે તો સભ્ય સમાજને ના શોભે તેવી ફોન મા વાત સાંભળવા મળે છે..આ બાબતે ચલાલા ના અમૂક વેપારીઓ એ ડિસ્ટ્રિક્ટ ચેમ્બર પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી ને ટેલીફોનીક એજન્સી સામે ની ફરિયાદ સાથે રજુઆત કરતા તેઓએ વહેલી તકે તોલમાપ અધિકારીને રૂબરૂ મળી રજૂઆત કરી એજન્સી સામે શિક્ષાત્મક પગલા લેવડાવામા આવશે તેમ ડિસ્ટ્રિક્ટ ચેમ્બર પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી એ જણાવેલ છે..આ એજન્સી લઈ ને ચલાલા ના વેપારીઓમા ફરિયાદ છે.. કે જીલ્લા તંત્ર આ એજન્સીની શાન ઠેકાણે લાવી વેપારીઓને થતી કનડગત બંધ કરાવે તેવી વ્યાપક માગણી છે.

### ભારત મીલ નજીકની ઘટના

# દામનગરમાં રત્ન કલાકાર યુવક ઉપર યુવતીનાં ભાઈએ કર્યો હુમલો

### યુવકનાં પિતા અને અન્ય એક વ્યકિતને પણ માર પડયો

અમરેલી, તા. ૮

દામનગર ગામે આવેલ કોળીવાડ વિસ્તારમાં રહેતા કિરણભાઈ વિનુભાઈ કુકવાવા નામનાં ૨૫ રત્નકલાકારને તેજ ગામે રહેતા હાર્દિકભાઈ મનસુખભાઈ રાંધનપરાની બહેન સાથે પ્રેમ સંબંધ હોય. તે વાતનું મનદુઃખ રાખી આરોપી હાર્દિકભાઈ રાંધનપરા તથા એક અજાણ્યા ઈસમે ગત તા. ૬ના બપોરના આશરે એકાદ વાગ્યા દરમ્યાન રત્નકલાકાર યુવકને ભારત મીલ પાસે બોલાવી પ્લાસ્ટિકના પાઈપ વડે આડેધડ માર મારી બન્નેહાથે તથા પીઠના ભાગે મુંઢ ઈજા કરતા બાદમાં રત્ન કલાકાર યુવક ત્યાંથી ભાગી જતા આરોપીઓએ મોટર સાયકલ લઈને રેલ્વે ગરનાળાની પરમાનંદ સોસાયટીમાં આવી રત્ન કલાકાર યુવકના પિતા વિનુભાઈની સાયકલ સાથે ભટકાવી સાયકલ ઉભી રખાવી આરોપી વિનુભાઈને પકડી રાખી લોખંડના પાઈપથી વિનુભાઈને માર મારી જમણી આંખના નેણ ઉપર તથા ડાબી બાજુના કાન ઉપર ઈજા કરી તથા જમણા પગે ફેકચર કરી દીધેલ હતું તથા રાજુભાઈ બાલાભાઈ કુકવાવા વિનુભાઈને બચાવવા વચ્ચે પડતા આરોપીએ રાજુભાઈને પકડી રાખી લોખંડના પાઈપ વડે માર મારી સાહેદ રાજુભાઈને જમણી આંખના નેણ ઉપર તથા બન્નેહાથે ઈજાઓ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ચૂંટણી પૂર્ણ થયાને અઢી વર્ષથી સતત માથાકૂટ

# ધારીનાં મોરઝર ગામનાં પિતા-પુત્ર સાથે ચૂંટણીનાં મનદુઃખે મારામારી

### પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૮

ધારી તાલુકાના મોરઝર ગામે રહેતા પ્રવિણભાઈ મગનભાઈ ભેસાણીયા નામના ખેડુતના દીકરા જયેશભાઈ સને-૨૦૨૨ની સાલમાં તાલુકા પંચાયતની ચુંટણીમાં ઉભા રહેલ હોય અને સામે તે જ ગામે રહેતા બિપીનભાઈ વાસુદેવભાઈ પુરોહીત પણ ઉભા રહેલ હોય. તે બાબતનું મનદુઃખ રાખી અવાર નવાર નાની-મોટી આજદીન સુધી બોલાચાલી કરતા હોય અને ગત તા. ૬ના રાત્રીના પોણા અગીયારેક વાગ્યે ખેડૂતનો દીકરા જયેશભાઈ પોતાના ઘરે આવતા હોય ત્યારે આરોપી બિપીનભાઈ વાસુદેવભાઈ પુરોહીતએ ખેડૂતના દીકરા સાથે બોલાચાલી કરેલ હોય. જેથી ખેડૂત ત્યાં જતા આરોપી યશભાઈ બિપીનભાઈ પુરોહીતે તેમનાં હાથમાં રહેલ લોખંડનો પાઈપ ડાબા પગના નળામાં મારેલ તથા બીજો ઘા ડાબા હાથના કોણીના ભાગે મારેલ તથા લાકડાના બટકા વડે ખેડૂતના જમણા હાથના કોણીના ભાગે મારી બન્ને આરોપીઓએ જેમ ફાવે તેમ આડેધડ માર મારવા લાગેલ તેમજ બન્ને આરોપીઓએ જતા જતા કહેલ કે હવે પછી ધ્યાન રાખજો નહીતર જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ખેડૂતે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### જિલ્લા પંચાયતનાં મહિલા-બાળ સમિતિનાં ચેરમેન દ્વારા

# અમરેલી જિલ્લામાં આંગણવાડી વર્કરોને નવા મોબાઈલ ફોન આપવા રજુઆત

### આંગણવાડી કેન્દ્રોમાં સોલાર સિસ્ટમ પણ ફિટ કરો

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા પંચાયતનાં મહિલા બાળ વિકાસ સમિતિનાં ચેરમેન નીતાબેન ચાવડાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામા આવેલ તમામ આંગણવાડીના આંગણવાડીના વર્કરોને મોબાઈલ ફોન આપવામાં આવેલ હતા આ મોબાઈલ ફોન દ્વારા તેઓ ઝડપી અને સારી કામગીરી કરતા હતા પરંતુ આ મોબાઈલ ફોનને આપ્યાને ઘણો સમય વિતી ગયેલ હોવાથી મોબાઈલ હેન્ક થાય છે. તેમજ નેટવર્કના પ્રશ્નો તેમજ મોબાઈલની બેટરી ક્ષમતા પણ પુરી થયેલ હોવાથી હાલમાં આ મોબાઈલ દ્વારા સારી રીતે અને સમયસર ઝડપી કાર્ય થઈ શકતું નથી તો હાલના તમામ મોબાઈલ પરત લઈને તે



જગ્યાએ નવા અને સારી કંપનીના અધ્યતન સિસ્ટમવાળા મોબાઈલ ફોન અમરેલી જિલ્લાના આંગણવાડી કેન્દ્રના વર્કરોને આપવા જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, જિલ્લાની તમામ આંગણવાડીમાં હાલ વિજકનેકશન મીટર આવેલા છે. આંગણવાડીમા દરરોજ સરેરાશ ૪ થી ૫ કલાક વિજળીનો વપરાશ થાય છે. અને લાઈટ બીલની રકમ સરકાર દ્વારા ભરપાઈ કરવામાં આવે છે. આ રીતે સરકારના નાંણા વપરાય છે. જો સરકાર દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં સોલાર સિસ્ટમ ફીટની જે કાઈ વિજ જમા થાય તે સરકારને લાભ થાય તેવું છે તેમ અંતમાં જણાવેલ છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫












## સુધારેલી જોગવાઈઓનો ૧૦ એપ્રિલથી થશે અમલ

# ગુજરાતે સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા

### સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે

અમદાવાદ,તા.૮

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા છે. આ સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે. સ્ટેમ્પ ડ્યુટી એક્ટની આ સુધારેલી જોગવાઈઓ રાજ્યમાં ૧૦મી એપ્રિલ, ૨૦૨૫, ગુરુવારથી અમલી થશે. રાજ્યના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ ડ્યુટી એક્ટની કરવામાં આવેલી જોગવાઈઓ અને સુધારા-વધારા★ વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂ.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે.

★ રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/-ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.

રૂ.૧૦ કરોડથી વધુ રકમની લોન અંગે કરવામાં આવતાં ગીરોખત/ હાઈપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ.૮,૦૦,૦૦૦/-ની ડ્યુટીની હાલની જોગવાઈમાં વધારો કરીને તે રૂ.૧૫,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. પરંતુ, એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂ.૭૫,૦૦,૦૦૦/- સુધીની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

★ વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.

★ ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા કિસ્સામાં જો અરજદાર સામેથી ડ્યુટી ભરવા આવે તો ડોક્યુમેન્ટથી તારીખથી માસિક બે ટકાના દરે, પરંતુ મહત્તમ ખૂટતી ડ્યુટીની ચાર ગણીરકમ વસૂલ કરવામાં આવશે.★ તે જ રીતે, સ્ટેમ્પ ડ્યુટીવની ચોરી જો તંત્ર દ્વારા પકડવામાં તો તેવા કિસ્સામાં માસિક ૩ ટકાના દરે પરંતુ મહત્તમ ૬ ગણી સુધી દંડની રકમ વસૂલ લેવાની જોગવાઈ કરવામાં આવી છે. એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના ૧%ની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂ.૫૦૦/- અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂ.૧૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની જોગવાઈ કરી છે.

★ ગીરોખતના કિસ્સામાં જો બેંકો/ નાણાંકીય સંસ્થાઓ દ્વારા ડોક્યુમેન્ટ કરી તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરાવવામાં નહિ આવે, તો તેવા કિસ્સામાં આવા ડોક્યુમેન્ટ સંબંધે ડ્યુટી ભરપાઈ કરવાની જવાબદારી બેંકો/ નાણાંકીય સંસ્થાઓની રહેશે.

★ ઉપરાંત, અસલ લેખ (ઓરિજિનલ ડોક્યુમેન્ટ)ની ગેરહાજરીમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા ડોક્યુમેન્ટની નકલ ઉપર પણ ડ્યુટી વસૂલ કરી શકાશે તેવી જોગવાઈ પણ આ એક્ટમાં કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઈઓમાં કરાયેલા આ સુધારા ઉપરાંત અન્ય સુધારા-વધારા પણ કરવામાં આવ્યા છે. આ ડ્યુટીમાં સુધારા વધારા મૂળ ડ્યુટી માટે કરવામાં આવેલા છે. તેમાં કાયદાની જોગવાઈઓ મુજબ વધારાની ડ્યુટી (સરચાર્જ) પણ લેવાપાત્ર થશે. આના જોગવાઈઓથી ઉધોગકારો તેમજ હાઉસીંગ લોનધારકોને નાણાંકીય બોજમાં ઘટાડો થાય તેવો સરકારે પ્રયત્ન કર્યો છે. વડીલોપાર્જિત મિલકતમાંથી હક્ક કમી કરવાના કિસ્સામાં ઉપસ્થિત થતાં અર્થઘટનના પ્રશ્નોના નિવારણ તથા કાયદાની જોગવાઈઓ સંબંધે ઉપસ્થિત થતાં કોર્ટ મેટર્સ-લીટીગેશન્સમાં ઘટાડો થાય તે માટે આ નવા સુધારા કરવામાં આવ્યાં છે

## સુપ્રીમ કોર્ટે CBI તપાસ પર લગાવી રોક

# શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં મમતા સરકારને મોટી રાહત

### સરકારે કહ્યું કે ૨૫,૦૦૦ થી વધુ નોકરીઓ ગુમાવવાથી શિક્ષણ પ્રણાલી લકવાગ્રસ્ત થશે અને વિદ્યાર્થીઓ પર નકારાત્મક અસર પડશે

પશ્ચિમ બંગાળ,તા.૮

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડના કેસમાં સુપ્રીમ કોર્ટે મમતા બેનર્જીની સરકારને મોટી રાહત આપી છે. કોર્ટે કલકત્તા હાઈકોર્ટના એ આદેશને રદ કર્યો જેમાં રાજ્ય સરકારના સુપરન્યુમરરી પોસ્ટ્સ બનાવવાના નિર્ણયની સીબીઆઈ તપાસનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ નિર્ણય ૮ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ આવ્યો, જ્યારે સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારની અરજી પર સુનાવણી કરી.

પશ્ચિમ બંગાળ સરકારે કોર્ટમાં દલીલ કરી હતી કે હાઈકોર્ટે સમગ્ર ભરતી પ્રક્રિયા રદ કરીને "ઉતાવળમાં" નિર્ણય લીધો છે. સરકારે કહ્યું કે ૨૫,૦૦૦ થી વધુ નોકરીઓ ગુમાવવાથી શિક્ષણ પ્રણાલી લકવાગ્રસ્ત થશે અને વિદ્યાર્થીઓ પર નકારાત્મક અસર પડશે. સરકારે એમ પણ કહ્યું કે બધી નિમણૂકો ખોટી નહોતી અને સાચા અને ખોટાનો ભેદ પાડી શકાય છે.સુપ્રીમ કોર્ટે અગાઉ ૭ મે, ૨૦૨૪ ના રોજ હાઈકોર્ટના રદ કરવાના આદેશ પર સ્ટે આપ્યો હતો અને CBIને તપાસ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી, પરંતુ કોઈની સામે કડક કાર્યવાહી ન કરવા કહ્યું હતું. હવે તાજેતરના નિર્ણયમાં, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સુપરન્યુમરરી પોસ્ટ્સના કિસ્સામાં સીબીઆઈ તપાસ થશે નહીં. જોકે, ભરતીમાં થયેલી ગેરરીતિઓની તપાસ ચાલુ રહેશે.સુપ્રીમ કોર્ટે અગાઉ ૭ મે, ૨૦૨૪ ના રોજ હાઈકોર્ટના રદ કરવાના આદેશ પર સ્ટે આપ્યો હતો અને સીબીઆઈને તપાસ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી, પરંતુ કોઈની સામે કડક કાર્યવાહી ન કરવા કહ્યું હતું. હવે તાજેતરના નિર્ણયમાં, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સુપરન્યુમરરી પોસ્ટ્સના કિસ્સામાં સીબીઆઈ તપાસ થશે નહીં. જોકે, ભરતીમાં થયેલી ગેરરીતિઓની તપાસ ચાલુ રહેશે.અગાઉ, ૩ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, સુપ્રીમ કોર્ટે ભરતી રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો હતો, પરંતુ પગાર પરત કરવાની શરત દૂર કરી હતી. કોર્ટે રાજ્ય સરકારને ત્રણ મહિનામાં નવી ભરતી પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ પણ આપ્યો હતો. મમતા સરકાર માટે આ રાહત મહત્વપૂર્ણ છે કારણ કે સુપરન્યુમરરી પોસ્ટ્સની તપાસ મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ પર કડક કાર્યવાહી કરી શકી હોત. હવે સરકાર આ નિર્ણયને પોતાની જીત તરીકે જોઈ રહી છે, જોકે ભરતી કૌભાંડની મુખ્ય તપાસ હજુ બાકી છે.

આ મામલો ૨૦૧૬ માં શરૂ થયો હતો, જ્યારે પશ્ચિમ બંગાળ શાળા સેવા આયોગ (SSC) એ ૨૫,૭૫૩ શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓની ભરતી કરી હતી. બાદમાં, આ પ્રક્રિયામાં મોટા પાયે ગેરરીતિઓના આરોપો લાગ્યા. કોલકાતા હાઈકોર્ટે ૨૨ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સમગ્ર ભરતીને રદ કરી દીધી હતી, અને તેને "રદબાતલ" ગણાવી હતી. હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે સુપરન્યુમરરી પોસ્ટ્સ બનાવીને ગેરકાયદેસર નિમણૂકોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને સીબીઆઈએ આ મામલાની તપાસ કરવી જોઈએ.

## જમીન વેચાણ અંગે મુખ્યમંત્રીનો મોટો નિર્ણય

# અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો હવેથી જૂની શરતની ગણાશે

### રાજ્ય સરકારના સફળ સુશાસનમાં સિટિઝન સેન્ટ્રિક આ નિર્ણયોથી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વધુ લોકોપયોગી બનાવી શકાશે

ગાંધીનગર,તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ખેડૂતો, સામાન્ય નાગરિકો અને મધ્યમવર્ગીય પરિવારો માટે મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. રાજ્યમાં મહેસુલી પ્રક્રિયામાં સરળીકરણ, સામાન્ય નાગરિકોની સુગમતાના અભિગમ સાથેના આ નિર્ણયોથી ઔદ્યોગિકરણ અને વ્યાપાર, ધંધા-રોજગાર તેમજ અફોર્ડેબલ હાઉસિંગની પ્રક્રિયાને વધુ વેગ મળશે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકારના સફળ સુશાસનમાં સિટિઝન સેન્ટ્રિક આ નિર્ણયોથી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વધુ લોકોપયોગી બનાવી શકાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ મહત્વપૂર્ણ નિર્ણયોની ભૂમિકા આપતાં રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્યમાં ખેતીના હેતુ માટે ધારણ કરેલ નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તાપ્રકારની જમીનના વેચાણ, તબદીલી તથા હેતુફેર/ શરતફેરના કિસ્સાઓમાં સંબંધિત કલેક્ટર કે યથા પ્રસંગ સરકારની નક્કી કરેલ શરતોને આધીન પૂર્વમંજૂરી લેવાની પ્રથા હાલ અમલમાં છે. ઉપરાંત આવી જમીનો શરતફેર કરવાના સમયે ખેડૂતોને જરૂરી પ્રિમિયમ પણ ભરવાનું રહે છે.

મુખ્યમંત્રીએ આવા કેસોમાં સરળીકરણ કરવાના હેતુથી મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી નિર્ણયો કર્યા છે. તે અનુસાર રાજ્યની મહાનગરપાલિકાઓ, શહેરી સત્તા મંડળના વિસ્તારો તથા ભાવનગર, જામનગર અને જૂનાગઢ વિસ્તાર વિકાસ મંડળ સિવાય રાજ્યમાં સમગ્ર વિસ્તારની નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તાપ્રકારની જમીનો હવેથી જૂની શરતની ગણાશે.

આના પરિણામે ખેડૂતોને ખેતી તથા બિનખેતી હેતુ માટે શરતફેર કરવા માટે ભરવાપાત્ર પ્રિમિયમમાંથી મુક્તિ મળશે અને આવી જમીનો અંગે જે તે મામલતદારે જમીનને જૂની શરતમાં ફેરવવા માટે સ્વમેળે નોંધ પાડવાની રહેશે.

પ્રવક્તા મંત્રીએ ઉમેર્યુ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ ક્રાંતિકારી નિર્ણયોના કારણે ખેડૂતો અને સામાન્ય નાગરિકોને જમીનની ખરીદી, વેચાણ તબદીલી માટે શરતફેરની વહીવટી પ્રક્રિયા ખૂબ જ સરળ બનશે. બિનખેતી હેતુ માટે પ્રિમિયમને પાત્ર જમીનો ઉપર ઉદ્યોગ, ધંધા,વેપાર સ્થાપવા માટે જૂનીશરતમાં ફેરવવાની જરૂર નહીં રહેવાના કારણે ઔદ્યોગિકરણ તથા વિકાસને વેગ મળશે, રોજગારી તથા રાજ્યનો જી.ડી.પી. પણ વધશે. નાના ખેડૂતો કે જમીન ધારકોના જીવન ધોરણમાં સુધારો થશે અને જમીનધારકોને વેચાણ સમયે પૂરતું મૂલ્ય મળશે. તથા સરકારી કચેરીઓમાં પ્રિમિયમ ભરવા જવામાંથી મુક્તિ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં રાજ્યના મહેસૂલ વિભાગે બિનખેતી પ્રક્રિયામાં સરળીકરણ માટે મહેસૂલી ટાઈટલ અને કાયદેસર કબજેદારના પ્રમાણપત્રની જોગવાઈ પણ કરી છે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યુ કે, વિકાસને વેગવંતો બનાવવા રાજ્ય સરકારે લોકાભિમુખ વહીવટની પરંપરાને આગળ ધપાવીને મહેસૂલી ટાઈટલ અને કાયદેસર કબજેદારનું પ્રમાણપત્ર આપવાની જે વ્યવસ્થા ઊભી કરી છે તેની મુખ્ય બાબતો આ પ્રમાણે છે –

★ સંબંધિત કલેક્ટરને અરજી કર્યાની તારીખથી ૩૦ દિવસમાં નિર્ણય કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

★ પ્રમાણપત્ર મેળવ્યા બાદ જો બિનખેતીની અરજી કરવામાં આવે તો ૧૦ દિવસમાં પ્રિમિયમ/દંડ/રૂપાંતરણ/ વિશેષધારો ભરવા માટે જાણ કરવામાં આવશે.

★ પ્રમાણપત્ર વિના પણ બિનખેતી અરજી કરવામાં આવે તો હાલની વ્યવસ્થા મુજબ નિર્ણય કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય એ પણ કર્યો છે કે, ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડૂત ખરાઈની ચકાસણીમાં તથા મૂળથી જૂની શરત/ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર હોય તેવી જમીનો માટે બિનખેતીમાં ફેરવવાની અરજદારની અરજી આવે ત્યારે માત્ર ખેડૂત ખરાઈના હેતુસર અરજીની તારીખથી ૨૫ વર્ષ પહેલાના રેકર્ડને ધ્યાને લેવાનું રહેશે નહિ.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે એમ પણ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરેલા આ નિર્ણયોથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ મુજબના વિકસિત ભારત @ ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણની દિશા વધુ વેગવાન બનશે. ગુજરાતમાં Eí ઓફ ડુઈંગ બિઝનેસથી એક ડગલું આગળ વધીને "કમ્ફર્ટ ઓફ ડુઈંગ બિઝનેસ" અને મેક્ઝિમમ ગવર્નન્સ-મિનિમમ ગવર્નમેન્ટ ચરિતાર્થ થશે.

# CM ભૂપેન્દ્રભાઈએ ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા કરી, શ્રદ્ધાળુઓ સાથે સંવાદ કર્યો

### મુખ્યમંત્રીએ ગુજરાત અને દેશના સૌ નાગરિકોની સુખ-શાંતિ અને સમૃદ્ધિ તથા વિશ્વ કલ્યાણ માટે મા રેવાને પ્રાર્થના કરી હતી.

નર્મદા,તા.૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચૈત્ર મહિનામાં ચાલી રહેલી મા નર્મદાની પંચકોશી પવિત્ર પરિક્રમાના **CM Bhupuendrabhai performed Uttarvahini Narmada Parikrama** અવસરે મંગળવારે સવારે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ ખાતે પહોંચીને નર્મદા મૈયાની પૂજા અર્ચના કરી હતી. મુખ્યમંત્રીએ ગુજરાત અને દેશના સૌ નાગરિકોની સુખ-શાંતિ અને સમૃદ્ધિ તથા વિશ્વ કલ્યાણ માટે મા રેવાને પ્રાર્થના કરી હતી. તેમણે અહીં નર્મદા મૈયાના પ્રાકૃતિક સૌંદર્યને નિહાળ્યું હતું અને નર્મદા મૈયાના દર્શન કર્યા હતા.

રામપુરા ઘાટ ખાતે મુખ્યમંત્રીએ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પરિક્રમાર્થીઓ માટે ઊભી કરવામાં આવેલી સુવિધાનું નિરીક્ષણ કર્યુ હતું. આરોગ્ય વિભાગના રાહત કેમ્પ, સખી મંડળના બહેનોના સ્ટોલ, પરિક્રમા રૂટ પર મૂકવામાં આવેલા CCTV કન્ટ્રોલ રૂમ વગેરેનું નિરીક્ષણ કરીને તેમણે ઊભી કરવામાં આવેલી સુવિધાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.ભૂપેન્દ્રભાઈ પટેલે રામપુરા ઘાટ ખાતેથી શ્રી રણછોડરાયજી મંદિરે પહોંચી દર્શન કર્યા હતા તથા દેશભરમાંથી આવેલા વિવિધ પ્રાંતના પરિક્રમાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો હતો. પરિક્રમાર્થીઓ સાથે વાતચીતમાં તેમણે જણાવ્યું કે, પવિત્ર મા નર્મદાની પંચકોશી પરિક્રમા છેલ્લાં કેટલાંય વર્ષોથી અનેક શ્રદ્ધાળુઓ પગપાળા કરે છે. પરિક્રમાર્થીઓ માટે રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઊભી કરાયેલી સુવિધાઓ અંગે મુખ્યમંત્રીએ પરિક્રમાર્થીઓને પૃચ્છા કરીને તેમના મંતવ્યો-સૂચનો-પ્રતિભાવો મેળવ્યા હતા. પરિક્રમાર્થીઓએ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી સુવિધાઓ અંગે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

મહારાષ્ટ્રથી આવેલા પરિક્રમાર્થી ઋષિકેશ ઓઝા દ્વારા મા નર્મદાની પરિક્રમાનું મહત્ત્વ દર્શાવતું હિન્દી પુસ્તક મુખ્યમંત્રીને અર્પણ કરીને પરિક્રમાર્થીઓ માટે ઊભી કરાયેલી સુવિધાની પ્રશંસા કરી હતી. રણછોડરાયજી મંદિર ખાતે સંવાદના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીને નર્મદા જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીએ શાલ અને મા નર્મદાની પ્રતિમા અર્પણ કર્યા હતા. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સેક્રેટરી રમેશ મેરજાએ મુખ્યમંત્રીને શ્રીફળ અને માતાજીની ચૂંદડી અર્પણ કરી હતી. મુખ્યમંત્રીની આ સમગ્ર મુલાકાત દરમિયાન નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખ ભીમસિંહ તડવી, ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા, છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, જિલ્લાના અગ્રણી નિલકુમાર રાવ, મુખ્યમંત્રીના ઓએસડી અતુલ ગોર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે સહિત જિલ્લા વહીવટી તંત્રના અમલીકરણ અધિકારીઓ અને સ્થાનિક અગ્રણીઓ-પરિક્રમાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## કોર્પોરેટ અને વ્યક્તિઓ તરફથી કુલ ૧૨,૫૪૭ ડોનેશન મળ્યા

# ગુજરાતમાં રાજકીય પક્ષોને ૪૦૪ કરોડ અને ભાજપને ૪૦૧ કરોડનું ડોનેશન મળ્યું

### ભાજપને ઘણા બિલ્ડરો અને બાંધકામ કંપનીઓ અને વ્યક્તિઓ તરફથી લાખો અને કરોડો રૂપિયાનું ડોનેશન મળ્યું હતું

અમદાવાદ,તા.૮

૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે રાજકીય પક્ષો ને ૨૫૪૪.૨૭ કરોડ રૂપિયાનું જંગી ડોનેશન મળ્યું હતું, જેમાં ૨૦૦૦૦ રૂપિયાથી વધુનું ડોનેશન પણ સામેલ હતું. આમાંથી, ૨૦૨૩-૨૪માં ગુજરાતના રાજકીય પક્ષોને ૪૦૪.૫૧ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા, જેમાં ભાજપ ને ૪૦૧.૯૮ કરોડ રૂપિયા મળ્યા હતા, જ્યારે કોંગ્રેસ ને માત્ર ૨.૪૫ કરોડ રૂપિયા મળ્યા હતા. આમ આદમી પાર્ટી ને ૦.૦૭૫ કરોડ રૂપિયા મળ્યા હતા.

આંકડા મુજબ, ગુજરાતમાંથી કુલ ૨૧૫૩ ડોનેશન માંથી, ભાજપને ૨૧૧૩ ડોનેશન મળ્યા હતા જ્યારે કોંગ્રેસને ૩૫ ડોનેશન મળ્યા હતા. રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પંચને સુપરત કરાયેલા દાનની વિગતોનું વિશ્લેષણ કરતા, એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ એ મુજબ ભાજપ દ્વારા જાહેર કરાયેલ ડોનેશનની રકમ કોંગ્રેસ, AAP અને CPI-M દ્વારા પ્રાપ્ત થયેલા કુલ ડોનેશન નાં છ ગણી છે. કોર્પોરેટ અને વ્યક્તિઓ તરફથી કુલ ૧૨,૫૪૭ ડોનેશન મળ્યા હતા, જેમાંથી ૮,૪૫૮ લોકોએ ભાજપને અને ૧૯૯૪ લોકોએ કોંગ્રેસને ડોનેશન આપ્યું હતું. આમાંથી, ભાજપને કુલ ૨૨૪૩.૯૪ કરોડ રૂપિયા અને કોંગ્રેસને ૨૮૧.૪૮ કરોડ રૂપિયાનું ડોનેશન મળ્યું હતું. રાજકીય પક્ષોને મળેલા કુલ ડોનેશનમાં સૌથી વધુ ૯૮૯ કરોડ રૂપિયા દિલ્હીમાંથી આવ્યા હતા, ત્યારબાદ ગુજરાતમાંથી ૪૦૪.૫૧ કરોડ રૂપિયા અને મહારાષ્ટ્રમાંથી ૩૩૪.૦૭ કરોડ રૂપિયા આવ્યા હતા.ભાજપને ઘણા બિલ્ડરો અને બાંધકામ કંપનીઓ અને વ્યક્તિઓ તરફથી લાખો અને કરોડો રૂપિયાના ડોનેશન મળ્યું હતું. જોકે, કોંગ્રેસને મળેલા ડોનેશનમાં શક્તિસિંહ ગોહિલ, અમિત ચાવડા, ભરત સોલંકી, ગેનીબેન ઠાકોર, તુષાર ચૌધરી વગેરે જેવા અન્ય નેતાઓ દ્વારા આપવામાં આવેલા ડોનેશનનો સમાવેશ થાય છે. કોર્પોરેટ હોય કે વ્યક્તિગત અન્ય લોકો તરફથી કોંગ્રેસને મળેલા ડોનેશનની રકમ ખૂબ ઓછી છે.

## બઢતી મળતા પોલીસ કર્મચારીઓ ના મનોબળમાં પણ વધારો થયો

# ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા 33 બિનહથિયારી PSI ને PI પદ પર બઢતી

### PSI માટે બઢતીના આદેશો જારી કર્યા છે પ્રમોશન મળતાં પોલીસ કર્મીઓમાં આનંદ ફેલાયો છે

અમદાવાદ,તા.૮

ગુજરાત પોલીસ દળ માં ફરજ બજાવતા ૩૩ બિનહથિયારી PSI ને PI પદ પર બઢતી આપવામાં આવી છે. ગુજરાત પોલીસે ૩૩ નિઃશસ્ત્ર (બિન હથિયારી) PSI માટે બઢતીના આદેશો જારી કર્યા છે. પ્રમોશન મળતાં પોલીસ કર્મીઓમાં આનંદ ફેલાયો છે.ગુજરાત પોલીસ વિભાગ ના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંવર્ગવાર સમયસર બઢતી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સમયસર બઢતી મળતા પોલીસ કર્મચારીઓ ના મનોબળમાં પણ વધારો થયો છે.DGP વિકાસ સહાયે રાજ્ય પોલીસ દળમાં ૩૩ PSIને PI પદ પર બઢતી આપવાનો આદેશ આપ્યો છે. જેમાં મોરબી, પોરબંદર, બનાસકાંઠા, સુરત, બનાસકાંઠા, કચ્છ સહિત રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા બિનહથિયારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટરવર્ગ-૩ ના પોલીસકર્મીઓને બિનહથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર (PI) વર્ગ-૨ ના પદ પર બઢતી આપવામાં આવી છે.આ બઢતીથી તમામ ૩૩ પોલીસકર્મીઓના પગાર ધોરણમાં વધારો થશે. અગાઉ ૨૬૧ ASIને PSI તરીકે બઢતી આપવામાં આવી હતી. છેલ્લા ૧૫ મહિનામાં PSIથી લઈને ક્લેરિકલ સ્ટાફ મળીને કુલ ૭૦૩૧ કર્મચારીઓને બઢતી અપાતાં પોલીસ કર્મચારીગણમાં આનંદ ફેલાયો છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના મજબૂત નેતૃત્વ હેઠળ પોલીસ કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. પોલીસ કર્મચારીઓને બઢતી આપવાનો ઉદ્દેશ્ય માત્ર તેમના વાજબી હકને સમ્માન કરવો જ નહીં, પરંતુ તેમના ઉત્સાહ અને કાર્યક્ષમતામાં વધારો કરવાનો પણ છે. વર્ષ ૨૦૨૪ની આ સિદ્ધિ અને વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં થયેલી બઢતીઓથી રાજ્યની લૉ એન્ડ ઓર્ડર વ્યવસ્થામાં વધુ મજબૂતી આવશે.

## અમદાવાદમાં CWCની બેઠકમાં પ્રસ્તાવ પસાર

# બંધારણની આઝાદીની લડાઈ ઉગ્ર બનાવવાનો કોંગ્રેસનો સંકલ્પ

### જવાબદારી નક્કી કરવા અને આગામી વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓ પર મંથન કર્યું

અમદાવાદ,તા.૮

કોંગ્રેસના અધિવેશનના એક દિવસ પહેલા (૮ એપ્રિલ, ૨૦૨૫) કોંગ્રેસ વર્કિંગ કમિટી એ ભવિષ્યની રૂપરેખા, જિલ્લા કોંગ્રેસ કમિટીઓ ને સશક્ત બનાવવા સહિત સંગઠનની મજબૂતી, જવાબદારી નક્કી કરવા અને આગામી વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓ પર મંથન કર્યું.વિસ્તૃત કાર્ય સમિતિની આ બેઠકમાં અધિવેશન સંબંધિત પ્રસ્તાવો પર વિચાર-વિમર્શ કરાયો. ત્યારબાદ CWCની બેઠકમાં પ્રસ્તાવ પસાર કરાયો હતો. અમદાવાદના સરકાર વલ્લભ ભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારકમાં આયોજિત બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પાર્ટી સંસદીય દળના પ્રમુખ સોનિયા ગાંધી, લોકસભામાં નેતા વિપક્ષ રાહુલ ગાંધી, સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલ, મહાસચિવ જયરામ રમેશ, મુકુલ વાસનિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ અને કેટલાક અન્ય વરિષ્ઠ નેતાઓ સામેલ થયા.

## મૃતદેહને દફનાવવા માટે રૂમમાં પાંચ ફૂટ ઊંડો ખાડો પણ ખોદવામાં આવ્યો

# યુપીમાં બજરંગ દળના નેતાની હત્યા, ગળું કાપીને પરિવારના સભ્યોએ કરી હત્યા

### મૃતકના પરિવારના ભાઈએ લોકોને દીપડાના હુમલાથી મૃત્યુ થયું હોવાથી માહિતી આપી હતી

બિજનૌર,તા.૮

ઉત્તર પ્રદેશના બિજનૌરમાં જિલ્લા બજરંગ દળના ગૌરક્ષા સંરક્ષણ પ્રમુખ સતેન્દ્ર ઉર્ફે મોન્ટી બજરંગી (૩૦)ની ગળું કાપીને હત્યા કરી દેવામાં આવી હતી. અને તેના મૃતદેહને દફનાવવા માટે રૂમમાં પાંચ ફૂટ ઊંડો ખાડો પણ ખોદવામાં આવ્યો હતો. આ હત્યા પાછળ મૃતકના મામા ભગેન્દ્રએ પિતા બલરાજ, પિતરાઈ માં મધુબાલા, પિતરાઈ ભાઈ માનવ ઉર્ફે બન્ટુ, પિતરાઈ બહેન શાલુ અને સાળા અનુજના નામ આપ્યા છે. જે બાદ પોલીસે બન્ટુની ધરપકડ કરી છે.કિરાતપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ગોવિંદપુર ગામમાં સતેન્દ્ર ઉર્ફે મોન્ટીના ઘરે સોમવારે સવારે દૂધવાળો દૂધ આપવા ગયો હતો. જ્યાં મોન્ટીની પિતરાઈ માં મધુબાલા અર્ધબેભાન હાલતમાં જોવા મળી હતી. જ્યારે દૂધવાળાએ ઘરમાં ડોકિયું કર્યું, તો તે ચોંકી ઉઠ્યો હતો. કેમ કે, મોન્ટીનો મૃતદેહ એક રૂમમાં ખાટલા પર પડેલો હતો. અને લોહીથી લથબથ ચાદર તેના પર ઢાંકેલી હતી. મૃતકના પરિવારના ભાઈએ લોકોને દીપડાના હુમલાથી મૃત્યુ થયું હોવાથી માહિતી આપી હતી. પરંતુ જ્યારે મોન્ટીના મામા ભગેન્દ્ર અને નાનપુરા ગામના અન્ય સંબંધીઓએ તીક્ષ્ણ હથિયારોથી થયેલા ઊંડા ઘા જોયા, ત્યારે તેઓ ગુસ્સે ભરાયા હતા. અને તેમના પરિવારના સભ્યો પર હત્યાનો આરોપ લગાવ્યો હતો. પોલીસને જાણ કરતાં એસપી સિટી સંજીવ વાજપેયી ઘટનાસ્થળે પહોંચ્યા અને ઘટનાની માહિતી મેળવી હતી. એસપી અભિષેક ઝાએ જણાવ્યું હતું કે, સત્યેન્દ્ર ઉર્ફે મોન્ટીની હત્યા જમીન વિવાદમાં કરવામાં આવી હતી. મૃતકના મામાની ફરિયાદ પર રિપોર્ટ નોંધવામાં આવ્યો છે. આ મામલે દરેક પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.પોલીસના જણાવ્યા પ્રમાણે મૃતકની પિતરાઈ માં મધુબાલા, પિતરાઈ ભાઈ માનવ ઉર્ફે બન્ટુ, પિતરાઈ બહેન શાલુ અને સાળા અનુજ જમીન આપવા તૈયાર નહોતા. જમીનના હિસ્સામાં મોન્ટીને ૧૦ વીઘા જમીન મળતી હતી. જે જમીન આપવા અંગે ઘરમાં વિવાદ ચાલતો હતો. પિતા બલરાજ આ મામલે સત્યેન્દ્રનો સાથ નહોતા આપતા. જમીનની લાલચમાં મોન્ટીની પિતરાઈ મા સત્યેન્દ્રના લગ્ન પણ થવા દેતા નહોતા.પોલીસે વધુમાં જણાવ્યું કે, હત્યા બાદ મૃતદેહને દાટવા માટે આરોપીઓ દ્વારા ઘરમાં જ આશરે ૫ ફૂટ ઊંડો ખાડો ખોદવામાં આવ્યો હતો. પરંતુ તે પહેલા જ આરોપીઓ પોલીસના હાથે પકડાઈ ગયા હતા. મૃતકના મામાની ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સોનું ખરીદવાની સુવર્ણ તક; ફરી સસ્તું થયું ગોલ્ડ

નવી દિલ્હી,,તા.૮

જો તમે સોનું કે ચાંદી ખરીદવાનું વિચારી રહ્યા છો, તો હવે તમારા માટે એક શ્રેષ્ઠ તક છે. વૈશ્વિક ટેરિફ વોર અને મંદીની અસરને કારણે સોના અને ચાંદીના ભાવમાંભારે ઘટાડોથયોછે. મંગળવાર, ૮ એપ્રિલે, સોનાના ભાવમાં ૨૩૦ રુપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. દિલ્હીમાં આજે ૨૪ કેરેટ સોનું રૂ.૯૦,૫૩૦ રુપિયા પર પહોંચી ગયું છે જ્યારે ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૩,૦૦૦ રુપિયા પર પહોંચી ગયું છે. એક કિલો ચાંદીનો ભાવ ૮૧૨ ઘટીને ૮૯,૫૮૦ પ્રતિ કિલો થયો છે.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિએ અમેરિકી શેરબજાર સહિત સમગ્ર વિશ્વમાં ઘમાસાણ મચાવી દીધું છે. આ વચ્ચે સોનાની કિંમતમાં ઘટાડો જોવા મળ્યો છે.દુનિયામાં વધતી અનિશ્ચિતતાના કારણે લોકો પોતાના પૈસાને સુરક્ષિત રાખવા માટે સોનામાં રોકાણ કરી રહ્યા છે, જેના કારણે તેની કિંમત ઝડપથી વધી રહી છે, પણ હવે નિષ્ણાંતોનું કહેવું છે સોનાના ભાવ જલદી ઉતરી શકે છે.ગુજરાતના અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં ૨૨ કેરેટ સોનાનો ભાવ ૮૨,૮૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાનો રુપિયા ૯૦,૪૨૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. કોમોડિટી બજારમાં નબળાઈને કારણે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. મુંબઈમાં ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૨,૨૫૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૯,૭૩૦ રૂપિયા છે. કોલકાતામાં ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૨,૨૫૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૯,૭૩૦ રૂપિયા છે. ચેન્નાઈમાં ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૨,૨૫૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૯,૭૩૦ રૂપિયા છે.

## સ્વ. જીતેન્દ્રભાઈ કાંતિલાલ કામદારની પુણ્યતિથિએ

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમમાં તપસ્વીશ્રીઓને મિષ્ટાન ભોજન પ્રસાદ યોજાયો

### તપોવનનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી પણ ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૮

અમરેલી સ્વ. જીતેન્દ્રભાઈ કાંતિલાલ કામદારની પુણ્યતિથિ નિમિતે વિરલભાઈ જયંતભાઈ કામદાર અને રાજેશભાઈ કાંતિલાલ કામદાર (અમરેલી) તરફથી સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતાં તપસ્વીઓને તારીખ ૨૬/૩/૨૦૨૫નાં રોજ રાત્રે મિષ્ટાન ભોજન – પ્રસાદ કરાવેલ.વૃધ્ધાશ્રમથી કંઈક અનોખા વિચારદ્રષ્ટા બની અનોખી કાર્યાન્વિત પ્રવૃત્તિનો પ્રારંભ કરનાર મુકેશભાઈ સંઘાણી એક અનોખી સેવા કાર્યની અલખ જગાવી છે અને તેમા તેમના ધર્મપત્નિ સેજલબેન પણ પૂરો સાથ નિભાવી હકિકતમાં વૃધ્ધાવસ્થામાં કોઈ સાથી, સંગાથી, પરિવાર કે અન્ય કોઈ ન હોય ત્યારે એકાંત જીવન વધુ દોહલ્યુ બનતુ હોય છે ત્યારે અહિં વૃધ્ધાવસ્થાના કિનારે ઉભા રહેવા ડગમગતા તપસ્વીઓ એવા વડિલ ભાઈઓ તથા માતાઓનો એક અનોખો સેવાયજ્ઞ આરંભાઈ ચૂકયો છે.

હકિકતમાં વૃધ્ધાશ્રમો માત્ર પરિવારમાં ન સચવાય તેથી કે પરિવારથી પર બની જે વડિલો આશરો લે છે તેને ''વૃધ્ધાશ્રમ'' ''દિકરાનો વડલો'' ''આશ્રય સ્થાનો'' બની રહે છે જયારે સારહિ તપોવન આશ્રમ એટલે જેને પરિવારમાં કોઈ અન્ય પરવા કરવા વાળુ જ નથી જેની પાસે પુરતુ મૂડી, રહેઠાણ, પહેરણ, અન્ન–પાણી કે મેડીકલ બેલેન્સ જેવી કોઈ વ્યાખ્યા જ નથી માત્ર ભગવાનના ભરોસાનો સથવારો સાથે રાખી જીવનનો અધૂરો સાર પૂરો કરવાની માત્ર વ્યવસ્થાની રાહ જોવે છે તેવા વડિલ ભાઈઓ–બહેનોનો એક આશરો બની ચૂકયો છે ''સારહિ તપોવન આશ્રમ''

અચૂક એક વખતની મુલાકાત દરેક મુલાકાતી પરિવારની યાદગાર બની રહે તેવી છે.

બા.બ્ર.પૂ. ભદ્રાબાઈ મહાસતિજીના સુશિષ્યા બા.બ્ર.પૂ. હસ્મિતાબાઈ મહાસતિજી, બા.બ્ર.પૂ. કલ્પનાબાઈ મહાસતિજી, બા.બ્ર.પૂ. અજીતાબાઈ મહાસતિજી, બા.બ્ર.પૂ. રસ્મિતાબાઈ મહાસતિજી, બા.બ્ર.પૂ. ભવિતાબાઈ મહાસતિજી, બા.બ્ર.પૂ. હિમાંશીબાઈ મહાસતિજી, બા.બ્ર.પૂ. નમ્રતાબાઈ મહાસતિજી અને બા.બ્ર.પૂ. વિનીતાબાઈ મહાસતિજી ઠાણા–૮નું અમરેલી સ્થાનકવાસી જૈન સંઘના આંગણે આગમન થતાં જૈન સંઘના હોદેદારો સર્વ સંઘપરિ સુરેશભાઈ ઘેલાણી, ધનસુખભાઈ ખેતાણી, નગીનભાઈ મહેતા, ગુણવંતભાઈ અજમેરા, નરેશભાઈ સંઘરાજકા, નરેશભાઈ કામદાર, રાજેશભાઈ ખેતાણી વિ.એ આવકારેલ. અમરેલીના આવકાર સોસાયટી ખાતે મહેતા ઉપાશ્રયમાં પધારેલ અને જૈન શ્રાવક–શ્રાવિકાઓને દર્શનનો લાભ આપેલ બાદમાં ક્રમશઃમાં એક દિવસનું બા.બ્ર.પૂ. હસ્મિતાબાઈ મહાસતિજી આદિ ઠા.૩ એ કાંતિભાઈ કામદારના નિવાસે પધારેલ હતા. જયારે બા.બ્ર.પૂ.અજીતાબાઈ મહાસતિજી ઠાણા–૩ એ લાઠી ખાતેની ભાવનાભાવેલ જયાં પૂ. ગુરૂદેવશ્રી નમ્રમુનિ મ.સા.ના અનુદાનથી એમ્બ્યુલન્સનું લોકાર્પણ મહાસતિજીના સાનિધ્યમાં કરવામાં આવેલ. બાદમાં અમરેલી ત્રિમૂર્તિ મંદિર ખાતેના એક દિવસના રોકાણ બાદ અમરેલીથી આઠેક કિ.મી. દૂર આવેલ સારહિ તપોવન આશ્રમ ખાતે પૂ. મહાસતીજીનું રોકાણ થયેલ. હાલ સાવરકુંડલા તથા ધારી ખાતે સર્વમહાસતિજીઓ બિરાજમાન છે.આ દરમ્યાન અમરેલીના કામદાર પરિવાર દ્વારા બા.બ્ર.પૂ.અનિતાબાઈ મહાસતિજીના સાન્ધિયમાં આશ્રમના તમામ તપસ્વિઓને ભોજનપ્રસાદ કરાવી પૂણ્યનું ભાથું ભાધ્યું હતું.સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી, સંસ્થાની પ્રગતિ અંગે સારહિ તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા – પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી હતી.

આ અવસરે સારહિ યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સહ પરિવાર, ધીમંતભાઈ અનંતરાય ખારા, ધર્મેન્દ્રભાઈ ખાચર તથા મહેમાનઓ ઉપસ્થિત રહેલ.

# સાવરકુંડલાનાં મેકડા ગામે વડીલોનું સન્માન અને સત્સંગ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા તાલુકાના મેકડા ગામે ભટ્ટ પરિવાર તરફથી રામનવમીના દિવસે ગામના ૮૦ કરતા વધારે વડીલોનો સન્માન સમારંભ સવારના ૧૦થી ૧૨ રાખવામાં આવેલ. તેમજ તે જ દિવસે બપોરના ૩ થી ૬ જાહેર સત્સંગનો કાર્યક્રમ પણ રાખેલ. આ બંને કાર્યક્રમ પણ રાખેલ. આ બંને કાર્યક્રમો મેકડા ગામે સોનબામાંના રામજી મંદિર ખાતે રાખવામાં આવેલ. કાર્યક્રમનો શુભ આરંભ મેકડા ગામે આવેલ લાલજી મહારાજના મંદિરના મહંત પરમ વંદનીય સંત સેવાદાસ બાપુના વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવેલ. આ પ્રસંગે મેકડા ગામના સરપંચ લાખાભાઈ સાટિયા, સાવરકુંડલા એ.પી.એમ.સી.ના વાઈસ ચેરમેન મહેશભાઈ લખાણી, ઉપસરપંચ હિંમતભાઈ માલાણી, ગોબરભાઈ હિરપરા, ભીખાભાઈ આકોલીયા, પરશોત્તમભાઈ સાવલિયા, નાથાભાઈ ગેડીયા, છગનભાઈ આકોલીયા, વિપુલભાઈ માલાણી, શંભુભાઈ લખાણી, બટુકભાઈ હરિયાણી, કાનાભાઈ જોગરાણા, પુનાભાઈ નાગહ, હરેશભાઈ પટગીર અને કાનાભાઈ સાટિયા અગ્રણી ગ્રામજનો હાજ રહ્યા હતા. અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ઉદ્દ્ઘાટન વિધિ બાદ ગામના વડીલોનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. અને દરેક વડીલને પ્રયાગરાજની મંગાવવામાં આવેલ ગંગાજળની બોટલ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ભટ્ટ પરિવાર વતી ધર્મશંકરભાઈ ભટ્ટ દ્વારા સમગ્ર કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી. તેમજ ભટ્ટ પરિવાર અને મેકડા ગામનો ઈતિહાસ સંક્ષિપ્તમાં રજુ કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગદાન આપ્યું હતું. અને બપોરના ૩ થી ૬ ગામની મહિલાઓ માટે જાહેર સત્સંગનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

## પુજારીનાં સંતાનોને શૈક્ષણિક સવલતો સંદર્ભે

# સાવરકુંડલાનાં માનવ મંદિર ખાતે ગુરૂકુળની વ્યવસ્થા તેમજ નિયમો અંગે બેઠક યોજાઈ

### સમિતિના સભ્યો દ્વારા ચર્ચા–વિચારણા કરાઈ

સાવરકુંડલાતા.૮

સાવરકુંડલા માનવ મંદીર આશ્રમ ખાતે સાવરકુંડલા તાલુકાના શિવાલય તેમજ રામજી મંદિરના પુજારીઓના સંતાનોને નિઃશુલ્ક રહેવા જમવાતેમજશૈક્ષણિકસવલતોસારીમળ તેમાટેકમિટીનાસભ્યોદ્વારાચર્ચાવિચારણા કરવામાં આવેલ આ તકે માનવ મંદિર ગુરૂકુળ કમીટીના હોદ્દેદારો નાગરભાઈ ગોંડલીયા શહેર પ્રમુખ, મહેશભાઈ ગોંડલીયા તાલુકા પ્રમુખ, બાલકૃષ્ણભાઈ હરિયાણીવાલમેન, મેહુલભાઈ ગોંડલીયા એડવોકેટ, સંદિપભાઈ હરિયાણી શિક્ષક, ઘનશ્યામબાપુ ગોંડલીયા કથાકાર, પ્રવિણભાઈ હરિયાણી વગેરે સાધુ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ



સનાતન ધર્મના મંદિરો એટલે કે રામજી મંદિર અને શિવ મંદિરના પુજારીઓના સંતાનોનિઃશુલ્કશિક્ષણમેળવીશકેતેમાટે મહત્વનીમીટીંગનુંઆયોજનકરેલપૂજય ભકિતરામબાપુએ વિદ્યાર્થીઓને સારી સગવડતામળેતેમાટેવધુમહત્વઆપેલ આ ગુરૂકુળનો લાભ વધુમા વધુ વિદ્યાર્થીઓમળેતેમાટેવધુમાંવધુરામજી મંદિર અને શિવ મંદિરના પુજારી સુધી સમાચાર પહોચાડશો પૂજય ભકિતરામબાપુએ કમિટી માટે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરેલ તેમ માનવ મંદીર પરિવારના બળવંતભાઈ મહેતાની યાદી જણાવેલ.

## પોલીસ સ્ટેશનને મંદિર માનીને નિષ્ઠાપુર્વક બજાવે છે ફરજ

# સાવરકુંડલા તાલુકા પોલીસ મથકમાં પી.આઈ.નાં રાઈટર તરીકે ફરજ બજાવતાં જયદીપસિંહ ગોહિલની પ્રશંસનીય કામગીરી

### પોલીસની તૈયારી કરી રહેલ વિદ્યાર્થીઓને પણ માર્ગદર્શન પુરૂ પાડી રહ્યાં છે





અમરેલી,તા.૮

ખાખીનું નામ પડે ને માનસપટ પર કદાવર શરીર, ભરાવદાર મૂછો અને એવી પ્રાકૃતિક કૃતિઓ છવાઈ જાય છે પણ આ પોલીસ તંત્રમાં ઉડીને આંખે વળગે તેવી એકશ્રે/ઠ સમાજસેવકની ભૂમિકા નિષ્ઠા ખંત અને કાર્યદક્ષતાની સાવરકુંડલા તાલુકા પોલીસ મથકમાં પોલીસ ઈન્સપેકટરના રાઈટર તરીકે ફરજ બજાવતા જયદીપસિંહ ગોહિલ મિસાલ પુરી પાડી રહયા છે.

સમાજ સેવા કરવાનો શ્રેષ્ઠ અવસર મળતો હોય તો તે પોલીસ તંત્ર છે ને શ્રેષ્ઠતા સાથે કામ કરીને દેશસેવા સાથે પ્રાકૃતિક વૃક્ષો પ્રત્યેની અપાર લાગણીઓથી સભર જયદીપસિંહ ગોહિલ અમરેલી પોલીસ અધિક્ષકની ગુડ બુકમાં અંકિત થયા છે. તેનું મુખ્ય કારણ ગુન્હાઓ ઉકેલવાની આવડત અને ઈન્વેસ્ટિગેશનમાં નિપુણતાનો સમન્વય એટલે જયદીપસિંહ ગોહિલનું નામ આવે છે.

જયદીપસિંહ ગોહિલ જણાવ્યું કે ખારડી ગામમાં પોતાનો જન્મ થયો અને પોતે ખેડૂત પરિવારમાં મોટા થયેલ અને પોતે ૧૨ ધોરણ સુધી ઉતરબુનિયાદી શાળામાં અભ્યાસ કરેલ ત્યારબાદ કોલેજ અને ઉચ્ચ અભ્યાસ સાથે ખેતી કરતા હતા અને ખેતી કરી અને સાથે પોતે પોલીસની ભરતીની તૈયારી કરતા હતા ખેતરમાં જ રનવે બનાવવામાં આવેલ તેમજ અન્ય એકસેસરીઝ માટે ખેતરનો ઉપયોગ કરવામાં આવતો હતો અને આખરે ખેતી કરતા કરતા પોલીસમાં અને લોકોની સમાજ સેવા કરવાનો પોતાનો ખુબ જ રસ હતો જેથી પરીક્ષા પાસ કરી અને પ્રથમ એસઆરપીમાં ભરતી થયા હતા. ત્યારબાદ બે થી ત્રણ વર્ષ એસઆરપીમાં નોકરી કર્યા બાદ ગુજરાત પોલીસની ભરતી આવતા ગુજરાત પોલીસમાં ૨૦૧૨ થી જોડાયા હતા.

વધુમાં જણાવ્યું કે પોલીસમાં આવવાનું મુખ્ય કારણ સમાજ સેવાનો જો કોઈ મોકો જોતો હોય તો એ સમાજસેવાનો સૌથી મોટો મોકો આ પોલીસમાં મળતો હોય છે. પોલીસ સ્ટેશનએ એક મંદિર છે લોકો અહીં રડતા રડતા આવે છે અને હસતા હસતા અહીંથી જાય છે. એટલે પોતે પોલીસ સ્ટેશનને એક મંદિર જ માને છે. પોતાને ઈન્વેસ્ટીગેશન કરવું ખુબ જ ગમતું હોય છે જેને કારણે પોતે પોલીસ ડિપાર્ટમેન્ટ પસંદ કર્યો હતો.

તેઓએ જણાવ્યું કે પોતે પોલીસ ભરતીમાં આવ્યા બાદ પોલસની નોકરી શરૂ કરી ત્યારથી આજદિન સુધી રાઈટર તીરકે કામ કર્યુ છે. અને ઈન્વેસ્ટિગેશન કરવું એ પોતાને મનપસંદ વિષય હતો સ્પેશલ ઈન્વેસ્ટીગેશન ટીમ એસઆઈટીની રચનાઓ અનેક ગુનાઓમાં થતી હોય છે જેમાં પોતે રેન્જ તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાની એસઆઈટીની ટીમમાં કામ કર્યુ છે. અમરેલી જિલ્લાના સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં પોતે નોકરી કરતા હતા જે દરમિયાન એક ત્રણ વર્ષની બાળકીનું અપહરણ થાય છે. અને દુષ્કર્મ થાય છે. અને એક ગુનો ઓન ડિટેકટ હોય છે એ સમય દરમિયાન પોલીસ અધિક્ષક તરીકે નિરલિપ રાય હતા. આ અંડરટેક ગુન્હાને કઈ રીતે ડિટેકટ કરવો એ પોલીસ સામે એક પડકાર જનક ગુનો હતો. આ સમય દરમિયાન જિલ્લા પોલીસવાળાની માર્ગદર્શન અંતર્ગત અલગ અલગ ટીમ તેમજ સાયન્ટિફિક અને અલગ અલગ સોર્સનો ઉપયોગ કરી વૈજ્ઞાનિક પુરાવો એકત્ર કરી અને ગુનો ડિટેકટ કર્યો હતો. મુખ્ય વાત એ છે કે ભોગ બનનાર બાળકીનો એક મોટો પાંચ વર્ષનો ભાઈ હતો અને આ ગુન્હો બન્યો ત્યારે અપરણ કરતા વ્યકિતને આ પાંચ વર્ષનાં ભાઈએ જોયો હતો એટલે તેની સાથે રહી અને પાંચ વર્ષના અપહરણ થયેલી દીકરીના ભાઈએ આખો હુંલ્યો આપ્યો હતો. અને ત્યારબાદ પોલીસે એક રીક્ષા ચાલક આરોપીની ધરપકડ કરી હતી અને ગુનો ડિટેકટ કર્યો હતો. ત્યારબાદ તમામ પુરાવા એકત્ર કરવામાં આવ્યા હતા ટુંકા સમય ગાળ ામાં ચાર સીટ દાખલ કરી અને આજીવન કેદની સજા અપાવવામાં આવી હતી.

તેઓએ વધુમાં જણાવ્યું કે પોતે ઉત્તર બુનિયાદી સ્કૂલની અંદર ભણ્યા છે એટલે પ્રકૃતિ પ્રેમી પોતે ઘર વાડી તેમજ ત્યારબાદ હવે પોતે પોલીસ સ્ટેશનની અંદર ફરજ બજાવે છે. તો અહી પોલીસ સ્ટેશનમાં પણ પોતે એક લોકોના સહકારથી બગીચો બનાવ્યો છે. પ્રથમ પોસ્ટિંગ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં હતું. ત્યાં પણ પોતાના દ્વારા લોક ભાગીદારીથી બગીચો બનાવવામાં આવ્યો હતો. આ બગીચાનો પોલીસ સ્ટેશનને આવતા તમામ વ્યકિતઓ ઉપયોગ કરતા હોય છે. ત્યારબાદ હાલનાં સમયમાં પોતે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં આવેલી જગ્યામાં પોતાનાં દ્વારા અને લોક ભાગીદારીથી બગીચો તૈયાર કરવામાં આવ્યો છે. તો સાથે જ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના બે માળ આવેલા છે. બંન્ને માળની અંદર અલગ અલગ ફૂલ છોડ પણ રાખવામાં આવ્યા છે. અને પોતાનાં દ્વારા સવારથી સાંજ સુધીમાં દેખરેખ અને જાળવણી પણ કરવામાં આવે છે પોતે પ્રકૃતિ પ્રેમી હોવાથી પોતાનાં દ્વારા પોલીસ સ્ટેશનની અંદર આવતા સમયે બગીચાને પાણી પાવ બગીચામાં ગોળ કરવો તેમજ અન્ય બગીચાને લગતી કામગીરી પોતાનાં દ્વારા કરવામાં આવે છે. પોતે ખેતી કરતા કરતા પોલીસ ડિપાર્ટમેન્ટમાં લાગેલા હોવાથી પોતાને વૃક્ષો બગીચા સાથે ખુબ જ પ્રેમ છે. પોતે ફ્રી સમય હોય ત્યાર પોલીસ મંથકે આવેલા બગીચામાં કામગીરી કરે છે. અને આ પોતાની એક શોખને લઈને રેન્જ આઈ.જી.દ્વારા પોતાને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું છે.

સાવરકુંડલા શહેરમાં પોલીસની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓને પણ પોતાના દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે તો સવારના સમયે પોતે પણ ફિઝિકલી એકસરસાઈઝ કરવા માટે દરેક વિદ્યાર્થીઓ સોથ રનિંગમાં તેમજ અન્ય એકસરસાઈઝમાં સાવરકુંડલા શહેરમાં આવેલી કે.કે.હાઈસ્કૂલ ખાતે જાય છે. અને અન્ય વિદ્યાર્થીઓને તૈયારી કરાવવા માટે માર્ગદર્શન પુરૂ પાડે છે. કોરોના સમયની અંદર પોતાના દ્વારા થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને તાત્કાલિક બ્લડ પહોંચાડવાની પણ કામગીરી પોતાનાં દ્વારા કરવામાં આવી હતી કોરોનાની મહામારીમાં વ્યકિતઓ ન મળતા હોય પરંતુ પોતાનાં સોર્સ અને નજીકના મિત્રો દ્વારા બ્લડ ડોનેરો સુધી પહોંચી અને બ્લડ ડોનેશન કરાવી અને થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને બ્લડ પુરૂ પાડવામાં આવ્યું હતું.

# 'શૌર્યભૂમિ' રાણપુર ખાતે 'ગાંધી સ્મૃતિ' સ્મારકનું લોકાર્પણ કરાયું



અમરેલી, તા. ૮

ધોલેરા સત્યાગ્રહ સિંધુડોની ૯૫મી જયંતી અવસરે શૌર્યભૂમિ રાણપુર (જિ.બોટાદ) સ્થિત અમૃતલાલ દલપતભાઈ શેઠ હોસ્પિટલ (તે સમયનો સૌરાષ્ટ્ર–ફૂલછાબ પ્રેસ) ખાતે અનન્ય અને અનોખું ગાંધી સ્મૃતિ સ્મારકનું લોકાર્પણ કરવામાં આવ્યું. આજથી ૧૦૦ વર્ષ પૂર્વે ૨ એપ્રિલ ૧૯૨૫ના રોજ રાણપુરમાં મહાત્મા ગાંધીનાં પાવન પગલાં પડેલાં ત્યારે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની મહાત્મા ગાંધી સાથેની સૌપ્રથમ મુલાકાત અહીં થઈ હતી. સૌરાષ્ટ્રના સિંહ તરીકે ઓળખાતા અગ્રગણ્ય પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની અમૃતલાલ શેઠ દ્વારા ૧૯૨૧માં સ્થાપિત સૌરાષ્ટ્ર–ફૂલછાબ પ્રેસના કાર્યાલયમાં ત્યારે ગાંધીજીનો ઉતારો હતો. અહીં આવેલ ઐતિહાસિક લીમડા હેઠળ બેસીને ગાંધીજી સાથે અમૃતલાલ શેઠ અને ઝવેરચંદ મેઘાણીએ દેશની આઝાદી અંગે મનોમંથન કર્યુ હતું. આથી આનું સવિશેષ મહત્વ રહ્યું.આ ઐતિહસિક ઘટનાની શતાબ્દી નિમિત્તે ગાંધી સ્મૃતિ સ્મારકમાં ઐતિહાસિક લીમડાની જતનપૂર્વક જાળવણી ઉપરાંત મહાત્મા ગાંધી, સૌરાષ્ટ્રના સિંહ અમૃતલાલ શેઠ અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની મનોરમ્ય અર્ધ–પ્રતિમાઓ, કલાત્મક તકતી, ચિત્ર પ્રદર્શન તથા કલમ અને કિતાબ સાહિત્ય–કોર્નરની સ્થાપના કરવામાં આવી છે. ગાંધી સ્મૃતિ સ્મારકના લોકાર્પણ બાદ પદયાત્રા અંતર્ગત પોલીસ સ્ટેશન પાસે આવેલ મેઘાણી–પ્રતિમા અને સ્વ. જતીનભાઈ મનુભાઈ શેઠ માર્ગની તકતીને પુષ્પાંજલિ તથા સ્મરણાંજલિ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ધંધુકાના ધારાસભ્ય કાળુભાઈ ડાભી, ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી, અમૃતલાલ શેઠ પરિવારના પેત્રવધૂ પૂર્ણાબેન જતીનભાઈ શેઠ, પ્રપેત્ર અમરભાઈ અને રિષભભાઈ, પૌત્રવધૂ ચરિશ્માબેન, વીર, અમાયા અને કિરણભાઈ રતિભાઈ શેઠ, અભિનેતા શિલ્પકાર મયુરભાઈ વાકાણી, લેખક, સંશોધક અને ફૂલછાબના તંત્રી જવલંતભાઈ છાયા, નાટયકાર રાજુભાઈ ભરતભાઈ યાજ્ઞિક, શિલ્પકાર હેમાલીબેન વાકાણી, નિર્માણ બાંધકામ ક્ષેત્રમાંથી હેમંતભાઈ શાહ, નરેન્દ્રભાઈ અને નેહાબેન ફુરિયા, સચિનભાઈ અને રૂપાબેન શાહ, રાણપુર સાર્વજનિક એજયુકેશન સોસાયટીના પ્રમુખ મુકુંદભાઈ વઢવાણા, નરેન્દ્રભાઈ દવે, પ્રકાશભાઈ સોની, રાજેશભાઈ શાહ, ગજેન્દ્રભાઈ બગરીયા, ઉમંગભાઈ વડોદરીયા અને વામનભાઈ સોલંકી, ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના પ્રમુખ ગોવિંદસિંહ ડાભી અને મંત્રી હરદેવસિંહ રાણા, શિક્ષણ જગતમાંથી ચોટીલા એજયુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટના કિરીટસિંહ રહેવર (મામા) અને મહિપતસિંહ વાઘેલા, અનિલભાઈ ચૌહાણ, રાજેન્દ્રજી, વિલાસબા પરમાર, અનિલભાઈ ગોહિલ, દિપકકુમાર મકવાણા અને કિશોરભાઈ કણજરીયા, નરેન્દ્રભાઈ શાહ, હબલભાઈ ચુડાસમા, રમેશભાઈ બદ્રેશિયા, ઘનશ્યામભાઈ શેખ, ડો. સુમનભાઈ પૂજારાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.આપણાં સ્વાતંત્ર્ય–સંગ્રામ અને તેમાં નામી–અનામી શહીદ–વીરો અને સ્વાતંત્ર્ય–સેનાનીઓએ આપેલ આહુતિ અને બલિદાનથી નવી પેઢી પરિચિત પ્રરિત થાય તે આશયથી ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના ગુજરાત પ્રવાસન નિગમ લિ. પ્રેરિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત પિનાકી મેઘાણી – ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા ગાંધી સ્મૃતિ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. (પીજીવીસીએલ)નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. પૂર્ણાબેન જતીનભાઈ શેઠ અમૃતલાલ દલપતભાઈ શેઠ હોસ્પિટલનો પણ સહયોગ પ્રાપ્ત થયો છે. શિલ્પ સ્થાપત્ય ખ્યાતનામ શિલ્પકારો મયુર વાકાણી, આનંદ ટીકે અને હેમાલી વાકાણી (અમિત ફાઈબર ડેકોર)એ તૈયાર કર્યા છે.ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાણાં, ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ તથા પ્રવાસન, સાંસ્કૃતિક મંત્રી મુળુભાઈ બૈરાનો શુભેચ્છા સંદેશ પ્રાપ્ત થયો હતો. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્ય સાથે સંકળાયેલાં વિવિધ સ્મૃતિ સ્થળ ોને સુયોગ્ય રીતે વિકસાવીને જીવંત કરવા બદલ પિનાકી મેઘાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મંત્રી કનુભાઈ દેસાઈ અને મુળુભાઈ બૈરા તથા ગુજરાત સરકારનો હદયથી આભાર માન્યો છે.આલેખન : પિનાકી નાનકભાઈ મેઘાણી ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન (મો. ૯૮૨૫૦૨૧૨૭૯)

## લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા

# લીલીયા મોટા ખાતે ઉમિયા માતાજી મંદિરમાં નેત્ર નિદાન અને નેત્રમણી આરોગ્ય કેમ્પ યોજાયો

### ૯૨ જરૂરિયાતમંદ દર્દીઓએ લાભ લીધો



અમરેલી, તા. ૮

અંધત્વ નિવારણ દૂર કરવાના હેતુસર ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી અઠારમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા. ૩/૪/૨૦૨૫ને ગુરૂવાર સવારે ૯:૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટ્ય ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પ્રમુખ બાબુભાઈ ધામત અને ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા, રોહિતભાઈ પણસાળા અને જીતુભાઈ ગોલ દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી. કેમ્પના આયોજન માટે લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી અને સેવાભાવી વ્યકિતઓને અભિનંદન આપેલ હતા. તેમજ આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી.આંખના રોગ જેવા કે મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી, પડદા તથા આંખના અન્ય રોગોની તપાસ નિષ્ણાત ડો. રવિ પરમાર અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૯૨ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૧૬ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા.આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યકિતઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ૨૨ વ્યકિતઓને ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. નિયમિત રીતે ઉમિયાધામ લીલીયા મોટા મુકામે દર મહિનાના પહેલાં ગુરૂવારે આંખના નિષ્ણાત ડોકટરની ટીમની સેવાઓ થકી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

આ કેમ્પને સફળ બનાવવા માટે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગણેશભાઈ ગાંગડીયા, મંત્રી બટુકભાઈ બી. સોળીયા, મગનભાઈ ભીખાભાઈ ધામત, શાંતિભાઈ ધામત, વશરામભાઈ ધામત, લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પૂર્વ પ્રમુખ લાયન પ્રા.એમ.એમ. પટેલ, લાયન રમેશભાઈ ગોલ, લાયન નરેશભાઈ જોગણી, સેક્રેટરી લાયન ભદ્રેશસિંહ પરમાર, પ્રકાશભાઈ આચાર્ય તેમજ સુદર્શન નેત્રાલય તરફથી નિલેશભાઈ ભીલ અને કમલેશભાઈ ધોરડાની ટીમ તેમજ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના ઉપપ્રમુખ તરફથી લાયન રૂજુલભાઈ ગોંડલીયા જણાવે છે.

# બાબરામાં એસ. ટી. ડેપોમાં દિવ્યધામ ચેરીટેબલ ટ્રસ્ટ વલારડી દ્વારા મિનરલ પાણીનું પરબ શરૂ કરાયું




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા એસ ટી ડેપો ખાતે દિવ્યધામ ચેરીટેબલ ટ્રસ્ટ વલારડી દ્વારા પાણીનું પરબ મુકવામાં આવ્યું હતું. જાહેર જગ્યાએ લોકોને હવે પીવાનું પાણી ઠંડુ અને ચોખ્ખુ મળી રહે છે તેવી વ્યવસ્થા દિવ્યધામ તરફથી કરવામાં આવી છે. આ તકે નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ભુપતભાઈ બસિયા, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, રસિકભાઈ ગોજારીયા, ભરતભાઈ રંગપરા, પ્રદીપભાઈ કારેટિયા સહિત દિવ્યધામ ટ્રસ્ટના પ્રમુખ સહિત સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું **ઔદ્યોગિક એકમોની બાજુની**

રાખવામાં આવી હતી. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા વનવિભાગ દ્વારા વધુ પાણીના ટેન્કરો બોલાવી પાણીનો મારો લગાવવામાં આવ્યો હતો.

રાજુલા તાલુકાના રામપરા ગામ નજીક આવેલ ટોરેન્ટ કંપનીની ૧૫૦૦ કરતા વધુ વિઘામાં જમીન આવેલ છે. અહીં કોઈ ઉદ્યોગ નથી માત્ર પડતર જમીન આવેલ છે. આ જમીનમાં મોટા મહાકાય બાવળ ઉભા છે આ બાવળ ની અંદર સિંહો, હરણ, દીપડોઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યા છે. સૌથી વધુ સિંહોના ગ્રુપ સિંહણ, સિંહ, સિંહબાળ પરિવાર સાથે વસવાટ કરી રહ્યા છે. આ ઘટનામાં એક હરણ જીવ બચાવવા બહાર નીકળી એક બાવળની ઝાડી નીચે જોવા મળ્યું હતું. જોકે આગના કારણે કોઈ વન્યપ્રાણીને કોઈ નુકસાન થયું નથી.

આગ લાગવાની માહિતી વનવિભાગને થતા વનવિભાગ દ્વારા પીપાવાવ પોર્ટ, અલ્ટ્રાટેક, કોવાયા પાવર પ્લાન્ટ, સિન્ટેક્ષ, ıન એનર્જી કંપની સહિત આસપાસના કંપનીના ફાયર બ્રિગેડ અને સ્થાનિક ટેન્કરોની મદદ લેવામાં આવી અને સતત પાણીનો મારો લગાવવામાં આવ્યો હતો જેના કારણે ૫ કલાક બાદ આગ સંપૂર્ણ કંટ્રોલ કરવામાં આવી હતી.

રાજુલા રેન્જ આઈએફએસ ફાતેહસિંહ મીણાએ કહ્યું કે અમને ૧૦થી ૧૧ વચ્ચે માહિતી મળી હતી. ટોરેન્ટ વિસ્તારમાં આગ લાગી છે અમારી ટીમો ઘટનાસ્થળે પહોંચી આ રેવન્યુ વિસ્તારમાં સિંહો રહે છે એટલે પહેલા અમે ચેક કર્યું આ વિસ્તારમાં સિંહો છે કે કેમ ? ત્યારે જાણવા મળ્યું આ સિંહો બાજુની એક વિડી વિસ્તારમાં હતા. ત્યારે આગ લગાડવા પાછળનું કારણ શું છે એ અમે તપાસ કરીશું. પીપાવાવ પોર્ટ, અલ્ટ્રાટ્રેક સહિત કંપની દ્વારા અમને સારી મદદ કરી આગ પર કંટ્રોલ કરવા માટે આગ હાલ સંપૂર્ણ કંટ્રોલમાં છે. અત્યારે અમારી ટીમો સાથે અંદર છીએ કોઈ વન્યપ્રાણી, પક્ષીઓને કોઈ ડેમેજ નથી ને આ બાબતે તપાસ કરી રહ્યા છે અને આગ કેવી રીતે લાગી તે દિશામાં તપાસ ચાલી રહી છે. આગ લાગતા રામપરા ગામના સરપંચ છનાભાઈ વાઘ, તાલુકા પંચાયત સદસ્ય અરજણભાઈ વાઘ સહિત સ્થાનિક યુવાનો આગેવાનો મદદ માટે દોડી આવ્યા હતા અને ગ્રામજનો સુધી આગ નહિ આવતા લોકોએ રાહતનો ıસ લીધો છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૭૭૧ | ૧૦૨૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૧૨ | ૪૯૩ |
| ૩ | ચણા | ૧૦૪૨ | ૧૦૮૨ |
| ૪ | તુવેર | ૧૦૭૦ | ૧૩૪૯ |
| ૫ | ધાણા | ૧૨૦૦ | ૧૪૩૫ |
| ૬ | એરંડા | ૧૧૭૦ | ૧૧૭૫ |
| ૭ | જુવાર | ૭૨૫ | ૭૨૫ |
| ૮ | જીરૂ | ૪૦૨૫ | ૪૦૨૫ |
| ૯ | વાલ | ૯૮૦ | ૯૮૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૦૫૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૩૧ | ૧૦૮૩ |
| ૩ | શિંગ મોટી | ૮૩૨ | ૧૦૭૫ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૫૬ | ૧૨૭૦ |
| ૫ | તલ સફેદ | ૯૮૦ | ૨૨૭૨ |
| ૬ | તલ કાળા | ૪૬૧૮ | ૫૦૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૮૩૫ | ૨૦૦૦ |
| ૮ | બાજરો | ૫૬૦ | ૫૬૦ |
| ૯ | જુવાર | ૪૪૦ | ૯૬૦ |
| ૧૦ | ઘઉં બંસી | ૯૨૦ | ૯૨૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૮૦૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| ૧૩ | મકાઈ | ૫૧૦ | ૫૫૧ |
| ૧૪ | અડદ | ૫૦૦ | ૧૦૫૦ |
| ૧૫ | ચણા | ૮૭૦ | ૧૧૦૨ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૭૬ | ૧૨૨૬ |
| ૧૭ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૩૬૫ |
| ૧૮ | તુવેર | ૧૦૦૦ | ૧૩૭૨ |
| ૧૯ | કપાસ | ૬૯૦ | ૧૪૯૦ |
| ૨૦ | એરંડા | ૧૦૦૦ | ૧૧૭૮ |
| ૨૧ | જીરૂ | ૨૧૫૦ | ૪૯૫૦ |
| ૨૨ | રાયડો | ૯૫૨ | ૧૦૦૫ |
| ૨૩ | રાય | ૮૭૫ | ૧૧૦૦ |
| ૨૪ | ધાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ૨૫ | ધાણી | ૧૧૦૦ | ૧૯૯૦ |
| ૨૬ | મેથી | ૭૦૦ | ૧૦૪૦ |
| ૨૭ | સોયાબીન | ૫૦૦ | ૮૧૦ |
| ૨૮ | મરચા લાંબા | ૩૫૦ | ૨૨૧૦ |
| ૨૯ | દેશી મરચા | ૫૦૦ | ૩૬૭૦ |
| ૩૦ | કાંગ | ૫૦૦ | ૫૦૦ |
| ૩૧ | સુવાદાણા | ૧૪૦૦ | ૧૬૩૫ |

## નારાયણનગર ગામનાં મંદિરની દાનપેટીમાંથી ૨૦ હજારની ઉઠાંતરી

અમરેલી, તા. ૮

લાઠી તાલુકાના નારાયણનગર ગામે આવેલ રામદેવપીર મંદિરમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે તા. ૬ના સાંજના સાડા સાત વાગ્યાથી તા. ૭ના સવારના સાત વાગ્યા દરમ્યાન ગેરકાયદેસર પ્રવેશ કરી મંદિરમાં રાખેલ દાનપેટીનું તાળુ તોડી દાનપેટીમાં રહેલ આશરે રોકડ રૂપિયા ૨૦,૦૦૦ ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ મંદિરના પુજારી જય ભરતભાઈ રાવલે પોલીસમાં નોંધાવી છે.

## રાભડા ગામે માવો લેવા જવા બાબતે મારામારી

અમરેલી, તા. ૮

લાઠી તાલુકાના રાભડા ગામે રહેતા દીપકભાઈ દેવજીભાઈ પરમાર નામના યુવકના નાનાભાઈ અમરશીભાઈ ગત તા. ૬ના સાંજના આઠેક વાગ્યા દરમ્યાન ગામના પાદર પાસે બેઠા હોય. ત્યારે તે જ ગામે રહેતા આરોપી મુકેશભાઈ સામતભાઈ પરમારે ત્યાં આવી અને અમરશીભાઈ કહેલ કે તું મારા માટે માવો લેતો આવ. જેથી માવો લેવા જવાની ના પાડતા આરોપીએ તેમને ત્રણ ચાર લાફા મારી દીધેલ હતા અને બાદમાં આરોપી દીપકભાઈ દેવજીભાઈ પરમારના ઘરે આવી આરોપી સામતલભાઈ ઉકાભાઈ પરમારે યુવકને પકડી રાખી આરોપી મુકેશભાઈએ હાથમાં રહેલ લાકડી વડે યુવકને માથાના ભાગે માર મારી ગંભીર ઈજા કરી હતી. યુવકને છોડાવવા વચ્ચે પડેલા દેવજીભાઈને ઢીકાપાટુનો મુંઢ મારી ગાળો આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં સૂર્યનારાયણે**

મેળવવા સલામત સ્થળે જતાં રહે છે. સાંજના ૭ સુધી વાતાવરણમાં સૌ કોઈ ગરમીનો અહેસાસ કરી રહ્યા છે.

જો કે રાત્રિનાં ૯ વાગ્યા બાદ થોડી ઠંડક થતાં અને ઠંડક મેળવવા સૌ કોઈ ઠંડા પીણા, ગોલા, આઈસ્ક્રીમ પર તૂટી પડતા જોવા મળી રહ્યા છે અને આગામી ૩ થી ૪ દિવસ સુધી ગરમીનો માહોલ યથાવત રહે તેવું જાણવા મળેલ છે.

**સાવરકુંડલા**

સાવરકુંડલા શહેરમાં ઉનાળ ıએ એકદમ આકરો મિજાજ દર્શાવ્યો. અંગ દઝાડે એવી ગરમીમાં આજરોજ બપોરના એકથી ત્રણ વચ્ચે તો જાણે કુદરતી કર્ફ્યુ ન હોય તેવો ઘાટ સર્જાયો. શહેરના રાજમાર્ગો સુમસામ જોવા મળ્યા. પશુ, પક્ષી પણ પોતાને જયાં પણ છાંયડો મળ્યો ત્યાં અહક સાથે સમય વિતાવવા જોવા મળેલ. લોકો પોતાના ઘરો કે ઓફિસમાં પંખા કે એ.સી. ચાલુ કરીને આ કાળઝાળ ગરમીમાં કેદ થયેલા જોવા મળેલ. ખૂબ જ આવશ્યક હોય તો જ કોઈ એકલ દોકલ બહાર નીકળતું જોવા મળતું હતું. લોકો ઘરમાં ઠંડા સરબત, લચ્છી, તરબૂચથી ગરમીથી રાહત મેળવવા અને થોડી ઠંડક પ્રાપ્ત કરવા પ્રયાસ કરતાં જોવા મળ્યા. એકંદરે આજે આકરા ઉનાળાના પ્રભાવને કારણે બપોરના બે ત્રણ કલાક તો જાણે જનજીવન ઠપ્પ થઈ ગયું હોય તેવુ વાતાવરણ જોવા મળ્યું હતું. હજુ પણ આકરો ઉનાળો વૈશાખ તો બાકી છે ત્યારે ગરમીનો મિજાજ કેવો હશે એ વિચાર કરતાં પણ ધ્રૂજી જવાય છે

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૮૦ | ૧૪૫૯ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૫૫ | ૭૫૫ |
| ૩ | એરંડી | ૧૧૬૨ | ૧૧૬૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૦૪૪ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ૪ | જીરૂ | ૪૩૦૦ | ૪૯૮૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૫૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૬૦૦ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૭૨૩ |
| ૧૦ | મકાઈ | – | ૫૭૪ |
| ૧૧ | મગ | ૧૩૫૦ | – |
| ૧૨ | અડદ | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૯૦ | ૧૧૩૫ |
| ૧૪ | દેશી ચણા | ૧૧૫૦ | ૧૩૭૫ |
| ૧૫ | તુવેર | ૧૨૫૦ | ૧૩૬૦ |
| ૧૬ | એરંડી | ૧૧૨૫ | ૧૧૭૦ |
| ૧૭ | મેથી | ૮૦૦ | ૯૦૦ |
| ૧૮ | ધાણા | ૧૩૬૦ | ૧૭૫૧ |
| ૧૯ | સોયાબીન | ૭૦૦ | ૭૭૭ |

પાના ૧ ઉપરનું ચાલું **બાબરાનાં તાઈવદર ગામનાં**

હાલતમાં છે પણ ટેકિનકલ કોઈ ઈસ્યુ હોવાથી રોડ બની શકતો નથી. અહીં રોડ પરિસ્થિતિનો પોતાને જાત અનુભવ હોવાથી વધુમાં તેમણે જણાવ્યું હતું કે રોડ પર પસાર થવું એટલે ખોખલા થઈ જાય તેવો છે. ગામના લોકો આટલા વર્ષોથી સહન કરે છે તે ધન્યવાદ છે પણ ધારાસભ્ય અને સાંસદ દ્વારા પૂર્ણ ખાતરી આપવામાં આવી છે કે નજીકનાં દિવસોમાં રોડનું કામ શરૂ કરવામાં આવશે તેવું અંતમાં જણાવ્યું હતું.

ગામના સરપંચ દ્વારા જણાવ્યું હતું કે ગામમાં ભાજપને પૂર્ણ ટેકો આખું ગામ આપે છે કોઈપણ ચૂંટણી આવે તાઈવદર ગામ હંમેશા ભાજપને લીડ આપતું ગામ રહ્યું છે. પણ સામે ગામને સુવિધા ઉપલબ્ધ કરાવવામાં સ્થાનિક અગ્રણીઓ, નેતાઓ નિષ્ફળ નીવડયા હોવાનુ રોષભેર જણાવ્યું હતું.

બાબરા તાલુકાના તાઈવદર ગામનો રોડ છેલ્લા ૧૫ વરીથી સતત બિસમાર બનતાં હાલ ખુબ જ ખરાબ બની શકયો છે. ચાલી પણ ના શકો તો વાહન લઈને કેવી રીતે પસાર થવું. ઈમરજન્સી વેળાએ ખુબ જ મુશ્કેલીઓનો સામનો ગામના લોકોને કરવાની ફરજ પડે. કારણ કે રોડ ખરાબ હોવાથી ૧૦૮ જેવી એમ્બ્યુલન્સ સમયસર આવી નથી શકતી તેમજ રોડમાં મોટા ગાબડા અને ખાડા પડી ગયા હોવાથી નાના મોટા અકસ્માત સર્જાય રહ્યા છે. ત્યારે વહેલી તકે ગામના રોડનું કામ શરૂ કરવામાં આવે તેવી માંગણી ગામના લોકો દ્વારા કરવામાં આવી છે.

## અમારા કહ્યામાં નથી


વિવેકભાઈ કિશોરભાઈ

આથી હું નીચે સહી કરનાર કિશોરભાઈ દુર્લભભાઈ કાછડીયા, મુ.ખજુરી, તા.વડીયા–કુંકાવાવ, જી.અમરેલી જાહેર કરૂ છું કે, સામેના ફોટાવાળા મારો પુત્ર **વિવેકભાઈ કિશોરભાઈ કાછડીયા (ઉ.વ.૩૫)** રહે.ખજુરી તે કેટલાક સમયથી અમારા કહ્યામાં નથી, અને અમારૂ માનતા નથી. જેથી અમો જાહેર કરીએ છીએ કે, તેની સાથે કોઈપણ વ્યકિત કે સંસ્થા, સગા સંબંધી, મિત્રોએ કોઈપણ પ્રકારની આર્થિક કે બીજા કોઈપણ વ્યવહાર કરવા નહિ. અને જો કરશે તો અમારી કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે. નહિ. જેની સૌ કોઈએ લાગતા વળગતા તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૮/૦૪/૨૦૨૫ લી.

**કિશોરભાઈ દુર્લભભાઈ કાછડીયા**

**રે. ખજુરી, તા.વડીયા–કુંકાવાવ, જી. અમરેલી.**

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૧ | ૧૪૮૧ |
| ૨ | મગફળી | ૯૦૧ | ૧૦૦૭ |
| ૩ | ચણા | ૧૦૩૧ | ૧૦૮૫ |
| ૪ | જુવાર સફેદ | ૭૨૦ | ૮૦૦ |
| ૫ | તુવેર | ૧૧૧૨ | ૧૩૨૫ |
| ૬ | સોયાબીન | ૭૬૫ | ૭૬૫ |
| ૭ | ધાણા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૮ | એરંડા | ૧૧૫૩ | ૧૧૫૩ |
| ૯ | જીરૂ | ૪૭૭૦ | ૪૭૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૫૬૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૧ | ૫૦૦ |
| ૪ | ચણા | ૭૦૦ | ૧૦૮૩ |
| ૫ | મેથી | ૮૩૫ | ૯૨૨ |
| ૬ | ધાણા | ૯૭૦ | ૧૫૫૦ |
| ૭ | મગફળી | ૬૦૦ | ૭૫૦ |
| ૮ | મગ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૯ | રાયડો | ૯૦૦ | ૧૦૪૦ |
| ૧૦ | અડદ | ૧૪૨૦ | ૧૪૨૦ |
| ૧૧ | રાય | ૯૦૦ | ૧૦૪૦ |
| ૧૨ | સોયાબીન | ૫૬૫ | ૭૩૪ |
| ૧૩ | શીંગફાડા | ૧૧૨૦ | ૧૧૨૧ |
| ૧૪ | એરંડી | ૧૧૨૪ | ૧૧૨૪ |
| ૧૫ | ધાણી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૬ | કાંગ | ૪૫૦ | ૫૧૬ |
| ૧૭ | તુવેર | ૧૦૬૦ | ૧૩૩૦ |

## ટીબી એસબીઆઇ દ્વારા મૃતકના પરિવારને વીમા યોજના અંતર્ગત રૂા. ૨ લાખ ચૂકવાયા


તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૮

જાફરાબાદની ટીંબી એસબીઆઈ બેંક દ્વારા ટીંબી ગામના રહેવાસી મોહનભાઈ પાચાભાઈ જાદવ અકાળે અવસાન થતા તેમના પરિવારજનોને પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના અંતર્ગત રૂ. ૨ લાખનો કલેઈમ ચૂકવવામાં આવ્યો હતો મૃતકના પરિવારને આ દુઃખની ઘડીમાં આર્થિક સહાય મળી રહે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ વીમા પોલીસીનો રૂ. બે લાખના કલેઈમનો ચેક મૃતકના વારસદાર વાલબાઈબેન મોહનભાઈ જાદવને એનાયત કરવામાં આવ્યો હતો. આ આર્થિક સહાય મળતા પરિવારજનોએ એસ.બી.આઈ. બેન્ક મેનેજર (અરવિંદ અભંગ) તથા ગ્રાહક સેવા કેન્દ્ર ટીંબી પાચાભાઈ બાંભણિયા)નો આભાર વ્યકત કર્યો હતો.

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહેઃ– બાબરા – અમારા અસીલ જમીન ખરીદનાર **અકબરી નરશીભાઈ વલ્લભભાઈ** રહેઃ–સરદાર પટેલ પાર્ક,સુરાપુરા રોડ પાસે,મોરબી મેઈન રોડ–રાજકોટ વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના લીલીયા તાલુકાના મોજે **ભોરીંગડા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **અકબરી નરશીભાઈ વલ્લભભાઈ** વેચાણ દસ્તાવેજથી **તુષારભાઈ ઘનશ્યાભાઈ કાત્રોડીયા** રહે : એ/૨૦૩, સિલ્વર પેલેસ, કાપોદ્રા બ્રિજ સામે ઉત્તરાણ, ચોર્યાસી – સુરત વાળા પાસેથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે ખેતીની જમીનની વિગત નીચે મુજબ છે.

**જમીનની વિગતઃ–**

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | **તુષારભાઈ ઘનશ્યામભાઈ કાત્રોડીયા** | ૭૬૭ | ૧૧૩ (જુનો સર્વે નં.:–૧૧૪/પૈકી ૧) | ૨–૯૨–૨૮ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૧૦ (દસ)માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ અમારા અસીલ પાસેથી ઉપર મુજબની વિગત વાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ ખરીદનાર **અકબરી નરશીભાઈ વલ્લભભાઈ** ના નામે કરાવી આપીશુ. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ :– બાબરા**

**તા :– ૦૮–૦૪–૨૦૨૫**

**અમારા અસીલ**
**શ્રી અકબરી નરશીભાઈ વલ્લભભાઈ ની સુચનાથી**

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
**(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)**

રાજકોટ – ભાવનગર હાઈ–વે, અવધ ટાઈમ્સના ગેટની અંદર, બસ સ્ટેશન સામે મુ.બાબરા, તા.બાબરા, જિ.અમરેલી
મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬ / ૯૪૮૪૪ ૫૫૩૩૩

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૪૩ | ૧૦૧૨ |
| ૨ | તલ પીળા | ૧૯૨૦ | ૧૯૨૦ |
| ૩ | કપાસ | ૧૧૫૦ | ૧૪૭૧ |
| ૪ | બાજરો | ૪૮૦ | ૫૭૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૨ | ૬૦૨ |
| ૬ | જુવાર | ૬૦૨ | ૯૬૦ |
| ૭ | મઠ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૮ | અડદ | ૮૯૦ | ૧૩૦૦ |
| ૯ | તુવેર | ૧૨૦૧ | ૧૨૬૦ |
| ૧૦ | ચણા | ૯૩૧ | ૧૦૮૯ |
| ૧૧ | જીરૂ | ૨૨૦૦ | ૨૯૬૦ |
| ૧૨ | રાય | ૯૫૧ | ૧૧૦૧ |
| ૧૩ | અજમા | ૧૯૫૧ | ૧૯૫૧ |
| ૧૪ | એરંડી | ૯૦૦ | ૧૦૭૧ |

# વીજપડી ખાતે ભગવાન શ્રી રામનાં જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી



સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે રામનવમી મહોત્સવ પ્રસંગ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું રામજી મંદિરેથી બપોરના ચાર કલાકે શોભાયાત્રા પ્રસ્થાન થઈ હતી અને વિજપડીના માર્ગો પર પસાર થઈ હતી આ શોભાયાત્રાથી સમગ્ર વિજપડી ગામ રામમય ભકિતમય બની ગયું હતું આ શોભાયાત્રામાં ગામના હજારો રામ ભકતો અને યુવાનો ભકિતના તાલે આનંદ ઉલ્લાસથી જોડાયા હતા અને જય શ્રી રામના નાદથી વિજપડી ગામની ભૂમિ ગુંજી ઉઠી હતી ઠેર ઠેર શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને અલગ અલગ યુવક મંડળ દ્વારા શરબત, ચા પાણી, અને લચ્છીનું વિતરણ કરવામાં આવ્યું હતું અને બહેનો પણ આ શોભાયાત્રામાં વિશાળ સંખ્યામાં જોડાઈ હતી આ ભવ્ય શોભાયાત્રાનું આયોજન શ્રીરામ જન્મ ઉત્સવ સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

### નવા જાહેરનામા સહિતના મુદ્દે ચર્ચા થઈ

## અમરેલી ખાતે મોબાઈલ એસોસીએશનની બેઠક યોજાઈ

### મોબાઈલ વેચાણ સહિતના મુદ્દે વિચાર વિમર્શ થયો



અમરેલી, તા. ૮

અમરેલી ખાતે તાજેતરમાં મોબાઈલ એસોસીએશનની એક બેઠક એસોસીએશનના પ્રમુખ હાર્દિક સેંજલીયા, ઉપપ્રમુખ ચેતન ચૌહાણ અને મંત્રી શૈલેષ કાબરીયાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

જેમાં જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જાહેર થતાં જાહેરનામાઓ, એસઓજી તરફથી અપાતી સુચનાઓને ધ્યાને રાખીને નવા-જુના મોબાઈલનું અને નવા સીમકાર્ડનું વેચાણ કરવા બાબતે એસઓજીના એએસઆઈ સંજયભાઈ પરમાર, યુવરાજસિંહ સરવૈયા,હેડ કોન્સ્ટેબ અરવિંદભાઈ ચૌહાણ, પોલીસ કોન્સ્ટેબલ સુરેશભાઈ ચૌહાણ, અને દેવાંગભાઈ મહેતા તરફથી માર્ગદર્શન આપવામાં આવેલ.

## સાવરકુંડલામાં ઉજવાયો સંત શ્રી મહાત્મા મુળદાસજીનો નિર્વાણ દિવસ



સાવરકુંડલા, તા.૮

ચૈત્ર સુદ નવમી એટલે ભગવાન શ્રી રામચંદ્રજીનો જન્મ મહોત્સવ સાથે સાથે આજ દિવસે લુહાર જ્ઞાતિ કુળ ભૂષણ સંત મહાત્મા મુળદાસજી નિર્વાણ દિવસ હોય આ પાવન પ્રસંગે લુહાર યુવા ગ્રુપ દ્વારા સંત મહાત્મા મુળદાસજીનો નિર્વાણ દિવસ ભવ્યાથી ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. સાવરકુંડલામાં શ્રી રામ જન્મ મહોત્સવ નિમિતે ભગવાન શ્રી રામચંદ્રજીની ભવ્ય શોભાયાત્રા આયોજનમાં સાવરકુંડલા લુહાર યુવા ગ્રુપ સંત મહાત્મા મુળદાસજીની પ્રતિમા સાથે તોપના કડાકા ભડાકા પુષ્પવર્ષા સાથે શોભાયાત્રામાં જોડાયુ હતું. લુહાર યુવા ગ્રુપ સંત મહાત્મા મુળદાસજીની પ્રતિમા સાથે શોભાયાત્રામાં જોડાયું એ દરમિયાન સાવરકુંડલા તાલુકાના સમસ્ત લુહાર પરિવાર તેમજ સાવરકુંડલા શહેરના ધર્મપ્રેમી ભાઈઓ બહેનોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## દામનગરમાં છભાડીયા રોડ ઉપર ઉંચા પુલનાં અભાવે પરેશાની વધી



દામનગર, તા. ૮

દામનગરમાં સ્વા. ગુરૂકુળ અને છભાડીયા રોડ પર આવેલ બજરંગ નગરવચ્ચે - જયારે ચોમાસામાં છભાડીયા ગામનું તળાવ છલકાઈ જાય ત્યારે તેમાંથી અને ભીંગરાડ અને દામનગર રેલવે સ્ટેશન સામેની સીમ વિસ્તાર અને મેથળી ગામની સીમ વિસ્તારનું ચોમાસાનું વરસાદી પાણી આ બેઠા નાળામાં આવે છે, તે સમયે બાયપાસ ગણાતાં આ માર્ગ પર બન્ને તરફ વાહનોને થંભાવી દેવા પડતાં હોય, લોકોનાં કામકાજમાં વિલંબ થવાને કારણે સમયનો વ્યય થાય છે, અને અગત્યના કામકાજ થઈ શકતાં ન હોય, સરકાર અને આ વિસ્તારનાં ધારાસભ્ય વિકાસનાં કામોને અગ્રતા આપતાં હોય, આ જગ્યાએ ઊંચો પુલ બનાવવાની તાતી જરૂર ઊભી થઈ છે. આ વિસ્તારમાં રોડ-રસ્તા-જર્જરીત નાળાઓના કામ માટે અને નવાં પુલ બનાવવા માટે ધારાસભ્યએ સરકારમાંથી કરોડો રૂપિયાની ગ્રાંટ મંજુર કરાવી હોય, સુચિત રેલવે લાઈન નજીકનાં આ બેઠા પુલ ઉપર ઊંચો પુલ બનાવવા માટે સરકારમાં યોગ્ય રજૂઆત કરી, ઉભી થતી સમસ્યાનો અંત લાવવા જડપથી રજૂઆત કરે માંગ ઉઠી છે. જો ચૂંટાયેલા પ્રતિનિધિઓ સક્રિય હોય અને સમસ્યાઓના ઉકેલ માટે બિન રાજકીય રીતે કાર્ય કરે તો સારો અને સાચો વિકાસ ભવિષ્ય માટે મજબૂત જમા પાસું બની શકે...!!

### અંધશાળાનાં બાળકોનો સન્માન કાર્ય સાથે

## અમરેલીનાં ગાયત્રી મોક્ષધામ ખાતે વિનામુલ્યે છાશ કેન્દ્રનો થયો પ્રારંભ

### ગૌવંશને લાપસી ખવરાવવામાં આવી

અમરેલી, તા. ૮

વિનામૂલ્યે ગાયત્રી મોક્ષધામ ખાતે ૨૪ વર્ષથી ચાલતા છાશ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો. સાથે ત્રિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા. મંદબુધ્ધિ અને અંધશાળ ાના બાળકો ખેલમહાકુંભમાં વિજેતા થતાં તેમને પ્રોત્સાહિત કરવા દિલીપભાઈ બી. શુકલ (કુમાર કાકા) તરફથી પુરસ્કાર આપવામાં આવેલ. તેમજ અંધશાળા મંદબુધ્ધિના બાળકોને અજયભાઈ નરસાણી તરફથી કપડાની ૬૭ જોડી આપવામાં આવેલ તથા એક હજારથી વધુ ગૌમાતા ગૌવંશને લાપસી ખવરાવવામાં આવેલ જેના દાતા ત્રિલોકકુમાર અનીલભાઈ કાબાણી ડાકોર (યુ.એસ.એ) અને મીનાબેન ગીરીશભાઈ રાઠોડ અમરેલી અને પ્રફુલાબેન અશોકભાઈ કાબરીયા મા વિનાની વાછડીને દતક લેનારા દાતા છાયાબેન વિમલભાઈ કલ્યાણીએ ૨૫૦૦૦/- અનુદાન આપેલ તથા કુમાર કાકાએ એક લાખનું અનુદાન કર્યુ તેથી તકતીનં અનાવરણ કર્યુ.

પ્રવિણાબેન જયંતભાઈ તન્ના તરફથી ત્રણેય સંસ્થાના બાળકોને ભાવતા ભોજન કરાવ્યા. અંધશાળામાં મંદબુધ્ધિની સ્કુલમાં તથા ગૌશાળામાં કલકત્તાના રહીશ પ્રવિણભાઈ રામચંદ મહેતાના દુઃખદ અવસાન નિમિતે પ્રાર્થનાસભા રાખવામાં આવેલ. અને ધૂન બોલી બે મીનીટનાં મૌન પાળી ભગવાન તેમના આત્માને શાંતી આપે તે અભ્યર્થના કરેલ અને તેમના પરિવાર તરફથી ગૌશાળામાં ઘાસચારા માટે રૂા. ૩૧૦૦૦/- હજારનું અનુદાન મળેલ છે.

ચારેય સંસ્થાવતી દિલીપભાઈ પરીખની યાદી જણાવે છે. સ્વ. પ્રવિણભાઈ અમરેલી આવતા ત્યારે અચુક ગૌશાળાની મુલાકાત લઈ અનુદાન આપતા હતાં. અને અન્ય સંસ્થામાં પણ અનુદાન આપતા હતાં. તેમના જવાથી મુક સેવક અને દાતા ગુમાવ્યાનું દુઃખ છે.

## સાવરકુંડલા ખાતે રેડક્રોસ સોસાયટી દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા.૮

સાવરકુંડલામાં ઈન્ડિયન ક્રોસ સોસાયટી તાલુકા બ્રાંચ દ્વારા રહીશભાઈ ઉસ્માનભાઈ સંવટના ચહેલૂમ શરીફ નિમિતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે રકતદાતાએ બહોળા પ્રમાણમાં રકતદાન કરીને માનવસેવાનું કાર્ય કરેલ અને આવતા સમયમાં મોટા બ્લડ કેમ્પ અંગે પણ રહીશભાઈના પરિવાર દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. આમ પણ રકત ફેકટરીમાં બનતું નથી. અને રકતદાતાએ કરેલ રકતદાન દ્વારા ઘણી વખત કોઈની જીંદગી પણ બચી શકે છે. રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ તથા તેમની ટીમ દ્વારા થતી આવી ઉમદા માનવસેવાની પ્રવૃતિઓની શહેરમાં ખરા અર્થમાં પ્રશંસા થઈ રહી છે આ બ્લડ કેમ્પમાં ડો. વડેરા તથા ડો. પીપળીયાની પણ વિશેષ ઉપસ્થિતિ જોવા મળી હતી.

### જગતગુરૂ શંકરાચાર્યની ઉપસ્થિતિમાં

## ગુજરાતનાં 33 જિલ્લામાં ૫૧૦ બહેનોની સનાતમ ધર્મ સેવા સંસ્થાનમાં વરણી

### અમરેલી જિલ્લાનાં પ્રમુખપદે આશાબેન રાઠોડની વરણી



અમરેલી, તા. ૮

સનાતન ધર્મના સર્વોચ્ચ ધર્મગુરૂ દ્વારકાપીઠના જગતગુરૂ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી મહારાજના આશીર્વાદ અને પૂજય મુકતાનંદજી બાપુના માર્ગદર્શન હેઠળ તેમજ ઉષા કપૂરના પ્રમુખપદે ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં એક સાથે ૫૧૦ બહેનોની નિમણૂંક કરવામાં આવી છે.

સનાતન ધર્મ સેવા સંસ્થાન એક સનાતમ ધર્મ સંતોનું સંગઠન છે તેમજ કથાકારો, મહિલાઓ અને તમામ સનાતનીઓને સંગઠન કરતુ યુનીટ છે. જેમાં ગુજરાત પ્રદેશના મહિલા સંગઠન સમિતિના પ્રમુખપદે ઉષાન કપૂરના પ્રમુખ પદે ગુજરાત રાજયના ઉપપ્રમુખ પદે ગીતા ચૌહાણની નીમણુંક કરવામાં આવી છે. ૩૩ જિલ્લા વાઈસ ૫૧૦ બહેનોની વરણી કરવામાં આવી છે. જેના અનુસંધાને અમરેલી જીલ્લાના પ્રમુખ તરીકે આશાબેન રાઠોડની નિમણૂંક કરવામાં આવી છે.

તેઓ સનાતન ધર્મનો પ્રચાર અને પ્રસાર કરશે સનાતન ધર્મના તહેવારો વ્યવસ્થિત રીતે ઉજવશે અને તેમાં જોડાશે. શાસ્ત્રનું જયાં વાચન થતું હશે તેમાં પણ વ્યવસ્થા સાંભળશે. સમાજની જરૂરિયાત ઉભી થશે. ત્યારે આરોગ્ય અને શિક્ષણનું કામ પણ કરશે. નારીસશકિતકરણનું કામ પણ કરશે. મંદિરોની સ્વચ્છતા રાખશે. સમાજને જરૂરિયાત ઉભી થાય ત્યારે દરેક પ્રકારે મદદ કરશે.

## અમરેલી જિલ્લાનાં ગોપાલગ્રામ ખાતે ગાંધીજીનાં આગમનનાં ૧૦૦ વર્ષ પુરા થયા



દામનગર, તા.૮

જયારે બ્રિટીશ શાસનનો સૂરજ મધ્યાહને તપતો હતો. ત્યારે મોટાભાગના રજવાડા અંગ્રેજી અફસરો અને એજન્ટોના ઈશારે ચાલતાં હતા. ત્યારે કાઠિયાવાડ વિસ્તારનાં નાનાં એવાં રજવાડાનાં અડગ મનના રાજા એટલે દરબાર ગોપાળદાસ દેસાઈએ અંગ્રેજ હુકુમત સામે સ્વાધીનતા માટે મક્કમતાથી અવાજ ઉઠાવેલો. બધાં પોતાની ચામડી બચાવતા હતાં ત્યારે ગાંધીજીના આહ્વાનને ધ્યાને લઈ સ્વતંત્રતા ચળવળ અંતર્ગત ફાળો ઉઘરાવવા લીમડી-વઢવાણ ખાતે યોજેલી સભામાં હાજરી આપી હતી અને મિત્રોની મનાઈ છતાં ફાળામાં રોકડના બદલે સોનાનું અમૂલ્ય યોગદાન આપ્યુંહતું. જોળીમાં આવેલ આ અનોખા મૂલ્યવાન અનુદાનથી ગાંધીજી ખૂબ પ્રભાવિત થયાં હતાં અને કિંમતી દાન આપનરને મંચ સમક્ષ આવવા વિનંતી કરી હતી ત્યારે સામાન્ય માણસની જેમ છેલ્લે બેઠેલાં રાજવી ખૂલીને આગળ આવ્યાંહતાં, ગાંધીજીએ તેમનો પરિચય કરાવ્યો અને સભા સમક્ષ ગળે લગાવી ધન્ય છે દરબાર સાહેબ એમ કહી પીઠ થાબડી હતી. આમ ગાંધીજી ઢસા (હાલનું ગોપાલગ્રામ)ના પ્રજાવત્સલ રાજવી દરબાર ગોપાલદાસ દેસાઈનાં રાષ્ટ્રપ્રેમથી પ્રભાવિત થયા અને દરબાર સાહેબ ગાંધીનાં સત્ય, સાદગી, સમરસતાના સિદ્રાંતો અને સ્વાધિનતા માટે સત્યાગ્રહી ઝનૂનથી ગાંધી રંગે રંગાયા.

બન્ને મહામાનવો વચ્ચે અદ્ભુત તાદાત્મ્યને કારણે સન ૧૯૨૫ની ૭મી એપ્રિલે ગાંધીજી ધારી તાલુકાના ચલાલા નજીક આવેલા ઢસા ગામમાં પધારેલા, દરબાર ગોપાળદાસ દેસાઈ સાથે પ્રજાજનો દ્વારા ગામમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલું, જેને ખબર મળ ીએ સૌ ગાંધીજીને જોવા ઉમટી પડયાં હતાં. ઢસાનાં દરબાર ગઢમાં લીમડી નીચે ગાંધીજીએ સભાભરી ઊંમટેલાં માનવ મહેરામણને સંબોધન કર્યુ હતું. આ પંથકમાં સ્વતંત્રતા ચળવળ માટે જાણે ઈંધણ પુરૂ પાડયું હતું. સ્વતંત્રતાની લડત માટે થનગનતાં યુવાનો અને જનમેદની ગોપાળદાસ માટે ગર્વ અનુભવતી હતી. આમ, આઝાદીનાં ઈતિહાસમાં અનોખું સ્થાન ધરાવતાં ખોબા જેવડાં ગામમાં સાગર જેવડું ઐ કાર્ય થયું હતું. આજે એક શતક પછી પણ એ તારીખ-તવારીખની યાદ આપતો લીમડો દરબાર ગઢમાં છે. એ વખતની વાતો અને વાતાવરણનાં સાક્ષીભાવે અનુભવી વડીલો વરિષ્ઠ આગેવાન શંભુબાપા વાડદોરિયા, ચુનીભાઈ, જીતુભાઈ ગલચર, નિવૃત શિક્ષકો ચંપકભાઈ ધકાણા, લાલજીભાઈ સોલંકી વગેરે ગૌરવ અનુભવતા ગદગદ થાય છે. **આલેખન વિપુલ ભટ્ટી**

## સાવરકુંડલાનાં છેવાડાનાં વિસ્તારમાં પાણી વિતરણ માટે ટાંકાની વ્યવસ્થા થઈ




સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલાના છેવાડાના વિસ્તારમાં રહેતા લોકો માટે પાણીની કોઈ વ્યવસ્થા ન હોય ત્યારે આ ભર ઉનાળામાં લોકોને પાણી મળી રહે તે માટે પાલિકામાં સોહિલ શેખ દ્વારા રજૂઆત કરતાં નગરપાલિકા દ્વારા પાણીનો ટાંકો મુકવામાં આવ્યો જે પાલિકાના પાણી ટેન્કરથી કાયમી ભરી અપાશે.

### વતનપ્રેમી દાતાનાં સહયોગથી

## કુંકાવાવનાં મુખ્ય પ્રવેશદ્વારનું રિનોવેશન બાદ લોકાર્પણ કરાયુ

### રામ,શ્યામ અને ઘનશ્યામની મુર્તિ સાથે આકર્ષક પ્રવેશદ્વારનું નિર્માણ થયુ



કુંકાવાવ, તા. ૮

કુંકાવાવના મેઈન બજારના મુખ્ય દરવાજા રાજાશાહી વખતની હતી. જેની દાતાઓના સહયોગથી રીનોવેશન કરવામાં આવ્યું હતું. અને નાના પ્રવેશદ્વારનું નામ રામ, શ્યામ, ઘનશ્યામ પ્રવેશદ્વાર નામ આપવામાં આવ્યું હતું. અને રામનવમીના પવીત્ર દિવસે દાતા અને ગ્રામપંચાયત દ્વારા લોકાર્પણનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. આ પ્રસંગે ગ્રામ પંચાયત દ્વારા દાતાના સન્માન તેમજ ભગવાન રામ, શ્યામ, ઘનશ્યામની મુર્તિને વિધીવત પુજાપાઠ સાથે નીજ સ્થાને બીરાજમાન કરવામાં આવી હતી. આમ વર્ષો બાદ લાખો રૂપીયાના ખર્ચે મેઈન દરવાજાનું રીનોવેશનનું કાર્ય ગ્રામ પંચાયત તથા સરપંચ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. અને જુના દરવાજાને રીનોવેશન બાદ રજવાડી ઠાઠ સાથે મુળ બામણીને જાળવીને રીનોવેશન કરતા ગામી સોભા વધે તેવી કામગીરીની સૌ કોઈએ સૌ કોઈએ વખાણી દાતાના દાન અને સરપંચ સંજયભાઈ લાખાણીની મહેનતને અભીનંદન આપ્યા હતા. જયારે વતનપ્રેમી દાતા હાલ સુરત ખાતે વસતા જાદવભાઈ શામજીભાઈ સોરઠીયા અને તેના પરીવાર હાજર રહેતા સરપંચ તથા ગ્રામ લોકોએ તેમનું સન્માન કરી અભિવાદન કર્યુ આમ રામ નવમીના દિવસે નગરમાં ભવ્ય શોભાયાત્રા બાદ નવા પ્રવેશદ્વારનું લોકાપર્ણને સુંદર કાર્યક્રમ સરપંચ સંજયભાઈ લાખાણીની આગેવાનીમાં યોજાયો હતો.

## જિલ્લાનાં દરેક શહેરોમાં બપોરનાં ૧૨થી સાંજના ૫ સુધી કર્ફ્યુ જેવો માહોલ

# અમરેલી જિલ્લામાં સૂર્યનારાયણે કર્યુ લોકડાઉન

તાપમાનનો પારો સડસડાટ ૪૨ થી ૪૪ ડીગ્રી સુધી પહોંચતાં સૌ કોઈ અકળાઈ ઉઠયા

ટ્રાફિકથી ધમધમતાં રાજમાર્ગો બપોરનાં સમયે બને છે સુમસામ

પશુ-પક્ષીઓ સહિત સૌ કોઈ ઠંડકનાં સહારે કપરી કલાકો પસાર કરે છે

સાંજનાં ૭ વાગ્યા સુધી વાતાવરણમાં ગરમીનો અહેસાસ થયા બાદ મોડી રાત્રિનાં ઠંડક પ્રસરતી જોવા મળે છે



અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં છેલ્લા એકઅઠવાડીયાથી બપોરનાં સમયે ૧૨ થી ૫ સુધી સૂર્યનારાયણ ધ્વારા લોકડાઉન લગાવી દેવામાં આવી રહ્યું છે. કારણ કે તાપમાનનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રી સુધી પહોંચતાં આકરો તાપ પડતાં ટ્રાફિકથી ધમધમતા માર્ગો સુમસામ બની જાય છે.

અમરેલી, સાવરકુંડલા, લાઠી, બાબરા, ધારી સહિતનાં વિસ્તારોમાં તાપમાનનો પારો ઉંચે ચડી જતાં સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. આકરી ગરમીનાં કલાકો પસાર કરવા માટે આમ આદમીથી લઈને પશુ, પક્ષીઓ પણ ઠંડકનો સહારો

અનુસંધાન પાના ૬ ઉપર

### કુંકાવાવ જકાતનાકા પાસે રહેતા એક પરિવારનો વિશ્વાસ કેળવીને

## અમરેલીનાં સરદારનગર શેરી-૫ માં રહેતા પુત્ર, પિતા અને દાદા વિરૂધ્ધ 30 લાખની છેતરપીંડીની કર્યાની ફરિયાદ

**લાલચ આપીને રોકડ અને દાગીના મળી લાખો રૂપિયા ઓળવી જવાયા**

અમરેલી, તા. ૮

અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ સરદારનગર શેરી નંબર-૫ માં રહેતા રમેશભાઈ વશરામભાઈ ગોહિલ, વંશ રમેશભાઈ ગોહિલ તથા વશરામભાઈ નારણભાઈ ગોહિલ નામના ત્રણેય આરોપીઓએ ગત તા. ૬/૪/૨૨ થી તા. ૨૭/૬/૨૪ દરમિયાન અમરેલીના અંબીકાનગર પાસે આવેલ કુંકાવાવ જકાતનાકા પાસે રહેતા અલ્પાબેન જીજ્ઞેશભાઈ ગોહિલ નામની મહિલા તથા તેણીના પતિ જીજ્ઞેશભાઈ તથા તેણીના સસરા મનસુખભાઈ ગોહિલ તથા તેણીના પિતાજી ડાયાભાઈ કરથીયાનો વિસ કેળવી મહિલાના સોનાના ઘરેણા આશરે ૧૮ તોલા (૧૮૦ ગ્રામ) સોનાના જેની હાલની બજાર કિંમત રૂપિયા ૧૩,૫૦,૦૦૦ તથા તેણીના રોકડા રૂપિયા ૪,૦૮,૦૦૦ તથા તેણીના પિતાજી ડાયાભાઈ કરથીયાના રૂપિયા ૧૦,૦૦,૦૦૦ તથા તેણીના સસરાના રૂપિયા ૨,૫૦,૦૦૦ મળી કુલ રોકડ રૂપિયા ૧૬,૫૮,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૦,૦૮,૦૦૦ ના સારા વળતરની લાલચ આપી પોતાનો આરોપીઓએ વિસઘાત તથા છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### અમરેલી ખાતેની સ્પે. પોકસો કોર્ટનાં જજ શ્રીવાસ્તવ દ્વારા ચુકાદો જાહેર

## લાઠીનાં જાનબાઈ દેરડી ગામનાં આરોપીને તરૂણી સાથે દુષ્કર્મ કરવાનાં ગુન્હામાં ૨૦ વર્ષની સખ્ત કેદ

**૩૧ હજારનો દંડ અને ભોગ બનનારને ૪ લાખનું વળતર ચુકવવા આદેશ**

અમરેલી, તા. ૮

લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે રહેતા આરોપી મિલન કાળુભાઈ ચૌહાણ નામના ઈસમે લાઠી પંથકમાં રહેતી એક તરૂણી અભ્યાસ કરવા માટે જતી હોય. તે દરમ્યાન આરોપીએ તેણીનો પીછો કરી છેડતી કરી ત્યાર બાદ તરૂણીના ભાઈઓને મારી નાખવાની ધમકી આપી તેની સાથે ફોન પર વાત કરવાની ફરજ પાડી હતી. બાદમાં તરૂણીને લલચાવી ફોસલાવી તેણીના સગીરપણાનો ગેરલાભ લઈ બદકામ કરવાના ઈરાદે તરૂણીના માતા-પિતાના કાયદેસરના વાલીપણામાંથી તરૂણીને આરોપી બળ જબરીપુર્વક મોટર સાયકલ પર બેસાડી અપહરણ કરી પોતાની વાડીએ લઈ જઈ ભોગ બનનાર પર બળજબરીપુર્વક તેણીની ઈચ્છા વિરૂધ્ધ બળાત્કાર કરી તેણીના જમણા ગાલ ઉપર નખથી ઉજરડા કરી તથા ડાબા કાંડાના ભાગે મુંઢ ઈજા કરી નાસી ગયાની ફરિયાદ જે તે સમયે પોલીસમાં નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીના એડી.સેશન્સ કોર્ટ અને સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલને સ્પે. પોકસો કોર્ટના જજ ડી.એસ. શ્રીવાસ્તવે માન્ય રાખી આરોપી મિલન કાળુભાઈ ચૌહાણને આઈ.પી.સી. ૩૬૩, ૩૬૬ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજાર દંડ તથા આઈ.પી.સી. ૩૭૬ (૩), ૩૫૪ (ડી) તથા પોકસો એકટ કલમ ૪, ૬, ૮, ૧૨ અને ૧૮ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨૦ હજાર દંડ તથા આઈ.પી.સી. ૩૨૬ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૧ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧ હજાર દંડ તથા આઈ.પી.સી. ૫૦૬ (૨) ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૫ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો હતો. જયારે આ બનાવની ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૪ લાખ વળતર ચુકવવા આદેશ કર્યો હતો.

### દાયકાઓથી બંને વચ્ચે પારિવારીક સબંધો

## અમરેલી ભાજપ અગ્રણી જીતુભાઈ મસરાણીને શોકાજંલિ પાઠવતા દિલીપ સંઘાણી

**સમગ્ર શહેર અને ભાજપે અડિખમ આગેવાન ગુમાવી દીધા**



અમરેલી, તા. ૮

અમરેલી ભાજપ અગ્રણી ચેમ્બરનાં પુર્વ પ્રમુખ જીતુભાઈ મસરાણીનં ૭૦ વર્ષની વયે નિધન થતા ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીએ શોકની લાગણી અનુભવી છે.

તેઓએ પાઠવેલ શોકાજંલિમાં જણાવેલ છે કે જીતુભાઈ મસરાણી સાથે દાયકાઓથી પારિવારીક સબંધે રહયા છે ભાજપને મજબુત કરવા સહિતનાં સંઘર્ષના દિવસોમાં જીતુભાઈ નો સંપુર્ણ સહકાર મળેલ હતલ.

તેઓના નિધનથી ભાજપ પરિવાર અને અમરેલી શહેરે મહત્વના આગેવાનને ગુમાવી દીધા છે. અને તેઓની ન પુરી શકાય તેવી ખોટ રહેશે. તેમના પરિવારને પરમ કૃપાળુ પરમાત્મા આ દુ:ખદ ઘટના સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના કરી હતી.

### મહુવા ખાતે રહેતા ઈસમ વિરૂધ્ધ ફરિયાદ

## વીજપડીનાં માનસિક બીમાર વ્યકિતનાં નામે રૂપિયા ૭૬ હજારની લોન લેવાઈ

અમરેલી, તા. ૮

મહુવા ગામે આવેલ મહેંદી બાગ, ગોળ બજારમાં રહેતા આરોપી મહમદસફી સલીમભાઈ જેઠવાએ સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે રહેતા ગુણવંતભાઈ ભીખાભાઈ ગોંડલીયા નામના વકીલના મોટાભાઈ કમલેશભાઈ ભીખાભાઈ ગોંડલીયા જેઓ માનસીક બીમાર અને અસ્થિર મગજના હોય તેમને ભોળવી લઈ આરોપીએ ગત તા. ૧૨/૬/૨૪ના અરસામાં બદદાનતથી કમલેશભાઈના નામે રૂા. ૭૬,૬૭૭ની પર્સનલ લોન લઈ તે લોનના રૂપિયા એ.ટી.એમ. તથા ગુગલ પેથી ટ્રાન્સફર કરાવી કમલેશભાઈ સાથે છેતરપિંડી કરી પૈસા ઓળવી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.





૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
78,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૮/૦૪/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)